Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:295 Dt.24-09-2021 (Friday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# દિલ્હીની કોર્ટમાં અંધાધુંધ ગોળીબાર, ગેંગસ્ટર સહિત ચારનાં મોત







**કોર્ટ પરિસરમાં ભરબપોરે ગેંગવોર થતા રાજધાની દિલ્હીમાં સન્નાટોઃ હત્યારાઓ વકીલના વેશમાં આવ્યા, આડેધડ ૩૪ થી ૪૦ રાઉન્ડ ગોળીબાર, એક મહિલા વકિલને પણ ઇજા**

## પોલીસના વળતા ગોળીબારમાં બે હુમલા ખોર પણ ઠારઃ હરીફ ગેંગના ગોળીબારમાં કુખ્યાત ગેંગસ્ટર જીતેન્દ્ર ગોગીની હત્યા

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૨૪

નવી દિલ્હી સુરક્ષીત બની હોવાનાં દિલ્હી પોલીસના દાવાને હાસ્યાસ્પદ ઠરાવતી એક સનસનાટી ભરી ઘટનામાં આજે શુક્રવારે ભરબપોરે દિલ્હીના રોહીણી વિસ્તારની અદાલતના પ્રાણગનમાં ગેંગવોર થતા ગોળીઓની ધણધણાટીથી કોર્ટ પરિસર ગુંજી ઉઠયું હતું. હરીફ ગેંગવોર પર થયેલા સામસામા ગોળીબારમાં કુખ્યાત ગેંગસ્ટર જીતેન્દ્ર ગોગી સહિત ચારના મોત થયા હતા. મકોકાના એક કેસમાં દિલ્હી પોલીસ ગોગીને જેલમાંથી રોહીણી કોર્ટમાં લાવી ત્યારે હરીફ ગેંગના ગુન્ડાઓએ બેફામ ગોળીબાર કરી ગોગીની હત્યા કરી નાખી હતી. જાણવા મળ્યા મુજબ પોલીસે કરેલા વળતા ગોળીબારમાં બે હુમલાખોરો પણ ઠાર મરાયા હતા. ધોળે દિવસે રોહીણી કોર્ટ પરિસરમાં સર્જાયેલી ભારે શુટઆઉટની ઘટનામાં કુલ ૪નાં મોત થયા છે. દેશની રાજધાનીની એક અદાલતમાં પોલીસ કાફલાની હાજરીમાં સર્જાયેલી ગેંગવોરને પગલે સમગ્ર દિલ્હીમાં સન્નાટો પ્રસરી ગયો છે અને દિલ્હી પોલીસની કામગીરી વિશે અનેક સવાલો ઉઠાવવામાં આવી રહયા છે.

પોલીસ પાસેથી જાણવા મળ્યા મુજબ દિલ્હી પોલીસના સ્પેશીયલ સેલ દ્વારા જીતેન્દ્ર ગોગીની ગત એપ્રીલ માસમાં 'મકોકા' હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ઠાર મરાયેલા ગોગી પર હત્યા, હત્યાના પ્રયાસ, ખંડણી, લૂંટ–ધાડ, કારની લૂંટનાં ૧૯થી વધુ કેસો અદાલતમાં ચાલી રહયા હતા. ૩૦ વર્ષની વયનો ગોગી શાળા છોડી દીધા બાદ ગુન્હાખોરીના રવાડે ચડી ગયો હતો.પોલીસ પાસેથી મળતી શૂટઆઉટની વિગતો મુજબ હુમલાખોરો વકિલનો વેશ ધારણ કરીને કોર્ટમાં આવ્યા હતા અને ગોગી પર ધડાધડ ગોળીઓ છોડવા લાગ્યા હતા. ગણતરીની મીનીટમાં ૩૫ થી ૪૦ રાઉન્ડ ગોળીબાર થતા કોર્ટ પરિસરમાં ભાગદોડ મચી ગઇ હતી. આડેધડ ગોળીબારથી એક મહિલા વકિલને પણ ઇજા થઇ હતી. પોલીસે ગોળીબાર કરતા બે હુમલા ખોર પણ સ્થળ પર માર્યા ગયા હતા. ગોગીને દિલ્હીના અનેક ગેંગસ્ટરો સાથે દુશ્મની

(અનુ.પાના નં.૪ ઉપર)

### વિધાનસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષની ચૂંટણીનો જંગ રસપ્રદ બન્યો

# ઉપાધ્યક્ષ પદ માટેની ચૂંટણીમાં ભાજપ સામે કોંગ્રેસના ઉમેદવાર મેદાનમાં

**અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવતા નીમાબેન આચાર્ય, એમની સામે કોઇ હરીફ નહીંઃ ઉપાધ્યક્ષ પદ માટે ભાજપના જેઠા ભરવાડ સામે કોંગ્રેસના ઉમેદવાર અનીલ જોશીયારા**



**નીમાબેન આચાર્યને સોમવારે વિજેતા જાહેર કરાશે**

**સ્પીકર પદ માટે મહિલા નેતાના નામ માટે વિપક્ષ સંમતી આપી પણ જેઠા ભરવાડ માટે બિલકુલ ના**

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ પદ માટેની ચૂંટણીની પ્રક્રિયાનો આજથી પ્રારંભ થઇ જતા રસપ્રદ વળાંકો આવ્યા છે. અધ્યક્ષ પદ માટે કચ્છનાં મહિલા અગ્રણી અને ધારાસભ્ય નીમાબેન આચાર્યએ ઉમેદવારી પત્ર ભર્યુ હતું. જયારે ઉપાધ્યક્ષ પદ માટે ધારાસભ્ય જેઠા ભરવાડે ઉમેદવારી નોંધાવતા વિપક્ષ કોંગ્રેસે નારાજગી દર્શાવી હતી અને ઉપાધ્યક્ષ પદની ચૂંટણીમાં જેઠા ભરવાડની સામે કોંગ્રેસે ઉમેદવારને મેદાનમાં ઉતારી દેતા ચૂંટણી જંગ રસપ્રદ બની ગયો છે.

અધ્યક્ષ પદ માટે ઉમેદવારી નોંધાવતા નીમાબેન આચાર્ય સામે કોંગ્રેસે કોઇ ઉમેદવાર મુકયા નથી એટલે નીમાબેનને સોમવારે વિજેતા જાહેર કરવામાં આવે તેવી શકયતા છે. અધ્યક્ષ પદ માટે કોંગ્રેસે સંમતી આપી છે પરંતુ જેઠા ભરવાડે અધ્યક્ષ પદ માટે નામ પત્ર ભરતા રાજકીય ડખ્ખો શરૂ થઇ ગયો છે. એમના નામ માટે કોંગ્રેસે સંમતી આપી નથી અને જેઠા ભરવાડ સામે ઉમેદવાર સામે અનીલ જોશીયારાને મેદાનમાં ઉતાર્યા છે.

ગુજરાત વિધાનસભાના સ્પીકરની ચૂંટણીની પ્રક્રિયાનો આજથી પ્રારંભ થઇ ગયો છે. અધ્યક્ષ પદ માટેની ચૂંટણીમાં આજે નીમાબેન આચાર્યએ ઉમેદવારી પત્ર ભર્યુ છે. ઉમેદવારી પત્ર દાખલ કરતા પહેલા એમને ભાજપમાંથી રાજીનામુ આપી દીધુ હતું. નીમાબેનને સોમવારે વિજેતા જાહેર કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.



દરમ્યાન વિધાનસભાના ઉપાધ્યક્ષ પદની ચૂંટણી માટે

(અનુ.પાના નં.૪ ઉપર)

# દેશમાં કોરોનાના ૨૪ કલાકમાં ૩૧ હજાર કેસ અને ૩૧૮નાં મોત



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા. ૨૪

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના સંક્રમણના ૩૧ હજાર ૩૮૨ નવા કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં પણ કોરોના સંક્રમિતોની સંખ્યામાં સાધારણ ઉછાળો જોવા મળ્યો છે. પરંતુ સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ કેરળમાં છે. અહીં ગત એક દિવસમાં ૧૯,૬૮૨ નવા કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ૩,૩૨૦ લોકો સંક્રમિત થયા છે.

સવારે કેન્દ્રીય આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૧,૩૮૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ–૧૯ ના કારણે ૩૧૮ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૩૫,૯૪,૮૦૩ થઈ ગઈ છે. આ ઉપરાંત, દેશમાં કુલ ૮૪,૧૫,૧૮,૦૨૬ કોરોના વેકસીનના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૨,૨૦,૬૪૨ કોરોના વેકસીનના ડોઝ આપવામાં આવ્યા છે.(૯.૧૧)

## ભારતમાં દર ૭૦ મિનીટે પકડાય છે નશીલા પદાર્થોનો જથ્થો

**ચાલુ વર્ષે કુલ ત્રણ લાખ કિલોથી વધુ વિવિધ પ્રકારના કેફી પદાર્થ ઝડપાયા**

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૨૪

ભારત સામે અફઘાનિ–ઇરાની અને પાકિસ્તાની ડ્રગ્સ માફિયાઓ દ્વારા ડ્રગ્સવો જાહેર કરવામાં આવ્યું હોય તેવું દેખાય છે. દેશની વિવિધ સુરક્ષા અને તપાસ એજન્સીઓ દ્વારા દેશમાં દર ૭૦ મીનીટે નસીલા પદાર્થોનો જથ્થો પકડાઇ રહયો છે એવા ચોકાવનારા આંકડા મળ્યા છે કે, ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ

(અનુ.પાના નં.૪ ઉપર)

# આતંકવાદને પોષવાનું બંધ કરોઃ પાક.ને અમેરિકાની સ્પષ્ટ ચેતવણી



**કમલા હેરિસને ભારત આવવા વડાપ્રધાનનું આમંત્રણઃ આજે રાત્રે અમેરિકી પ્રમુખ બાઈડન સાથે મોદીની શિખર મંત્રણાઃ જાપાન અને ઓસ્ટ્રેલીયાનાં વડાપ્રધાનો સાથે પણ મોદીની સઘન ચર્ચા**

**(એજન્સી સમાચાર)**

વોશિંગ્ટન, તા.૨૪

અમેરિકાની વ્યુહાત્મક રીતે મહત્વની યાત્રા પર પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉપપ્રમુખ કમલા હેરિશ સાથે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરી હતી. મોદીએ બેઠકોનો ધમધમાટ શરૂ કર્યો છે. ગુરૂવારે અમેરિકી ઉપપ્રમુખ સાથે ચર્ચા ઉપરાંત અમેરિકાનાં ટોચનાં સી.ઈ.ઓ સાથે પણ મોદીએ બેઠક યોજી હતી અને અમેરિકી કંપનીનાં માંધાતાઓને પ્રભાવિત કર્યા હતા. કમલા હેરિસ સાથેની મંત્રણામાં મુખ્ય મુદ્દો પાકિસ્તાન પ્રરિત ત્રાસવાદનો રહ્યો હતો. વડાપ્રધાન મોદી સાથેની બેઠકમાં કમલા હેરિસે જાતે પાકિસ્તાનનો ઉલ્લેખ કર્યો હતો. કમલા હેરિસે આતંકવાદી પ્રવૃત્તિઓમાં પાકિસ્તાનની ભૂમિકાનો ઉલ્લેખ કર્યો હતો અને ભારત તથા અમેરિકાની સુરક્ષા પર ખતરો ઉભો ન થાય એ માટે પગલા લેવા અમેરિકી ઉપપ્રમુખે પાકિસ્તાનને તાકીદ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, પાકિસ્તાનમાં આતંકી સંગઠનો સક્રિય છે.

મોદી અને કમલા હેરિસ વચ્ચે પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ ઉપરાંત પરસ્પર સહયોગ અને હિતનાં વિવિધ મુદ્દાઓ અને વૈશ્વિક સમસ્યાઓ પર વિચારોની આપ–લે થઇ હતી. વડાપ્રધાન મોદીએ સીમાપારનાં ત્રાસવાદ અંગે ઉઠાવેલા મુદ્દાઓ સાથે અમેરિકી નેતાએ સંમતિ વ્યક્ત કરી હતી અને સ્વીકાર્યું હતું કે પાછલા અનેક દાયકાઓથી ભારત આતંકવાદનો ભોગ બની રહ્યું છે. હવે ત્રાસવાદને નાથવાની જરૂર છે અને આવા આતંકી જૂથોને પાકિસ્તાન દ્વારા અપાતા સમર્થન પર નજદીકી નજર રાખવાની જરૂર છે. મોદી અને કમલા હેરિસ બંને એ એકસૂરમાં જણાવ્યું હતું કે, બંને દેશોની પ્રજાનાં હિત ખાતર બે સૌથી મોટી લોકશાહીનું રક્ષણ કરવાની જરૂર છે.

વ્હાઈટ હાઉસમાં યોજાયેલી બંને આ મહત્વની બેઠકમાં બંને મહાનુભાવો વચ્ચે વ્યુહાત્મક ભાગીદારી, સમાનહિતનાં વિશ્વ વ્યાપી પ્રશ્નો, લોકશાહી સામેના જોખમો, અફઘાનિસ્તાનની સ્થિતિ અને ઇન્ડો પેસિફિક પરિસ્થિતિ પર ખુલ્લા મને ચર્ચા વિચારણા થઇ હતી. કમલા હેરિસે ભારતને એક મજબુત સાથી દેશ જણાવ્યો હતો. પ્રતિસાદ આપતા વડાપ્રધાને કોરોના કાળમાં સાચા મિત્ર તરીકે ભારતને મદદ કરવા બદલ અમેરિકાનો ખૂબ જ આભાર વ્યકત કર્યો હતો. વડાપ્રધાને કમલા હેરિસને ભારત આવવાનું આમંત્રણ પણ આપ્યું હતું જેનું તેમણે સ્વીકાર પણ કર્યું હતું.

ઓસ્ટ્રેલીયાનાં વડાપ્રધાન સ્કોટ મોરિસન તથા જાપાનનાં વડાપ્રધાન યોશીહિડે સુગા સાથે વડાપ્રધાન મોદીએ એશિયાની પરિસ્થિતિ અંગે ઊંડી ચર્ચા વિચારણા કરી હતી. મોદીએ બંને દેશોને ભારત માટે વ્યુહાત્મક રીતે મહત્વનાં જણાવ્યા હતા.(૨.૧૨)

## મહારાષ્ટ્રમાં મહિલા પોલીસ કર્મીઓના કામના કલાકોમાં ઘટાડો

**રાજય સરકારનો મહત્વનો નિર્ણય**

**(એજન્સી સમાચાર)**

મુંબઇ, તા.૨૪

મહારાષ્ટ્રની ઉધ્ધવ ઠાકરે સરકારે પોલીસ સ્ટાફ પરના માનસીક તણાવ અને દબાણને ઘટાડવા માટે એક મહત્વનો નિર્ણય લીધો છે. રાજયમાં મહિલા પોલીસ કર્મીઓના કામના કલાકોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. મહિલા કર્મીઓ હવે ૧૨ કલાકને બદલે ૮ સુધી જ ફરજ બજાવશે. પોલીસ કર્મીઓ પર કામનું દબાણ વધતુ જતું હોવાથી

(અનુ.પાના નં.૪ ઉપર)



# લે કર વાત! હેરકટિંગમાં ગરબડ થતા મોડેલને રૂ. ૨ કરોડનું વળતર

**અસાધારણ કિસ્સામાં દિલ્હીની હોટેલનાં સલૂનને આદેશ આપતું ગ્રાહકપંચઃ યોગ્ય રીતે વાળ ન કપાતા કારકિર્દી બગડી ગયાનાં દાવા સાથે મોડેલે કેસ કર્યો હતો**

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૨૪

ગ્રાહક સુરક્ષા અંગેનાં અત્યાર સુધીનાં સૌથી અનોખા, અસાધારણ અને અકલ્પનિય ચુકાદામાં રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ પંચે એક ઉભરતી મોડેલનાં વાળ કાપવામાં ગડબડ કરવા બદલ મોડેલને રૂ. ૨ કરોડનું વળતર ચૂકવવાનું દિલ્હીની જાણીતી હોટેલનાં હેર સલૂનને આદેશ આપ્યો હતો. હેરકટ અને વાળની માવજતમાં ધાર્યા મુજબ સલૂનમાં કામ થયું ન હોવાથી ટોચની મોડેલ બનવાનું સપનું રોળાઈ ગયું છે. એવો દાવો કરીને આશના રોય નામની આ મોડેલે ગ્રાહક પંચમાં કેસ દાખલ કર્યો હતો.

વાળ ઉત્પાદક ચીજ વસ્તુઓની કંપની માટે જ આ મોડેલ મોડલિંગ કરી રહી હતી. વાળની માવજત માટેની બજારમાં મળતી અલગ–અલગ બ્રાંડ માટે આશના રોય મોડલિંગ કરી રહી હતી. મોડેલે એવો દાવો કર્યો હતો કે, દિલ્હીની હોટેલનાં સલૂનમાં હુ હેરકટિંગ અને માવજત માટે ગઈ હતી ત્યારે ખરાબ રીતે મારા વાળ બગાડી નાખવામાં આવ્યા હતા. હેર ડ્રેસરે મારા કહ્યા મુજબ વાળ કાપ્યા ન હતા. આ અંગે સલૂન સંચાલક અને હોટેલનાં માલિકને જાણ કરાયા છતાં કોઈ પગલા લેવાયા ન હતા. આથી મોડેલે ગ્રાહક નિવારણ પંચમાં કેસ કર્યો હતો. મોડેલે દાવો કર્યો હતો કે વાળ બગડી જવાથી મેં ઘણા કોન્ટ્રાકટ ગુમાવી દીધા છે. એટલે ન્યાયની માંગણી કરી મોડેલે રૂ. ૩ કરોડની માંગણી

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/



## શેરબ્રોકર પરેશ વાઘાણીનો આજે જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

શેરબ્રોકર પરેશ વાઘાણીનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૫૬ વર્ષ પૂર્ણ કરી ૫૭માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. પરેશભાઈને જન્મદિન નિમિતે મો.નં. ૯૩૨૮૫૯૯૯૦૦ પર મિત્ર-વર્તુળ તેમજ સગાસબંધીઓ તરફથી ઠેર-ઠેરથી શુભેચ્છાનો ધોધ વહી રહયો છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી પરેશભાઈને જન્મદિનની ખુબ-ખુબ શુભેચ્છાઓ...(૧૨.૯)

## સૌરાષ્ટ્ર-કચ્છ કોંગ્રેસના મીડિયા ઇન્ચાર્જ સાગરભાઈ દાફડાનો આજે જન્મદિવસ



ઓલ ઇન્ડિયા અન ઓર્ગેનાઈઝડ વર્કર્સ કોંગ્રેસના ગુજરાત રાજ્ય(સૌરાષ્ટ્ર કચ્છ)ના મીડિયા ઇન્ચાર્જ સાગર દાફડાનો આજે જન્મદિવસ છે. તેમના ૨૪ વર્ષ પૂર્ણ થયા અને ૨૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. હાલ તેઓ ગુજરાત રાજ્ય(સૌરાષ્ટ્ર કચ્છ)ના મીડિયા ઇન્ચાર્જ અને સામાજિક સંગઠન નેશનલ ભીમ આર્મી ગુજરાત પ્રદેશ પ્રવક્તા તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. તેમના પરિવારજનો, સગા-સ્નેહીઓ, સામાજિક આગેવાનો, મિત્ર વર્તુળ તેમના મો.નં. ૯૦૩૩૩ ૧૦૯૧૨ પર જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી સાગરદાફડાને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...


સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે

તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com



મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com



અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે

94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

### વોર્ડનં.૧૮ની શિવધામ સોસાયટીના રહીશો દ્વારા મનપા તંત્રને રજૂઆત

# માન મેયર સાહેબ ચાર મહિનાથી પાણી કેમ બંધ કરી દેવામાં આવ્યું ??



### વોર્ડના કોર્પોરેટરોને અનેક વાર રજૂઆત કરી પણ જવાબ આપતા નથીઃ વિસ્તારવાસીઓ



**અમે લોકોના પ્રશ્ન સમજીને કામ કરી જ રહ્યા છીએઃ સંજયસિંહ રાણા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૪

રાજકોટમાં છેલ્લી ચુંટણીમાં આજુ બાજુના અનેક વિસ્તારોને રાજકોટમાં ભેળવી લેવામાં આવ્યા હતા. અને નજીકના વોર્ડમાં સમાવવામાં આવ્યા હતા. તેજ રીતે વોર્ડનં.૧૮માં પણ અનેક વિસ્તારો ઉમેરાયા હતા.સૌ પ્રથમ તેઓ કોઠારીયા ગ્રામ પંચાયતમાં આવતા હતા. ત્યા શીવધામ સોસાયટી-૨ આવેલી છે અને ત્યાના રહેવાસીઓએ આજે કોર્પોરેશન પહોંચીને આક્ષેપો સાથે રજુઆત કરી હતી. રજુઆતમાં જણાવ્યું હતું કે, અમને ૭૦૦ માણસોની સોસાયટીમાં છેલ્લા ચાર મહિનાથી પાણી આપવામાં આવતું નથી તે ક્યા કારણોસર બંધ છે તે ખબર નથી તેમજ અમારા દ્વારા સ્થાનીક કોર્પોરેટરોને અનેક રજુઆત કરી પણ અમને જવાબ આપવામાં આવતા નથી અમારે ત્યાના વેરા ભરવા માટે તૈયાર છીએ પણ અમારો વેરો કાઢી આપવામાં સાથ સહકાર આપવામાં આવતો ન હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

ત્યાના સ્થાનીક કોર્પોરેટર સજંયસિહે એવુ જણાવ્યું હતું કે વિસ્તાર વાસીઓ રહે છે તે જમીન સરકારી ખરાબામાં આવે છે ત્યા જ્યારે પંચાયતનું શાસન હતું ત્યારે પાણી માટે સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા હતા. અને બાદમાં કોર્પોરેટર આવતા તેને બધા પાસેથી પૈસા લઇને ભુતીયા કનેકશન આપી દીધા હતા.

પણ હવે ડી.આઇ પાઇપ લાઇન આવી જતા ભુતીયા કનેકશન બંધ કરી દેવામાં આવ્યા છે. અને નવા કનેકશન માટે વેરો કઢાવવાનો હોય છે પરંતુ સરકારી જગ્યા હોવાથી તેનો હાલમાં વેરો નિકળી શકે તેમ ન હોવાથી અમારા દ્વારા તે બાબતે ફાઇલ વર્ક શરૂ જ છે. અમે વિસ્તારવાસીઓના પ્રશ્ન સમજીએ જ છીએ તેમજ તે લોકોની સમસ્યાનું વહેલી તકે સોલ્વ પણ કરાવવા કામ કરીએ છીએ. ઉપરના અધીકારીઓ વચ્ચે અમે આ મામલે વાત પણ કરી હોવાનું જણાવ્યું હતું.તેમજ બીજા કોર્પોરેટર દક્ષાબેનનો સંપર્ક કરતા તેઓના પતી નટુભાઇએ જણાવ્યું હતું કે આ મામલે કંઇ ખબર નથી ભારતીબેન પરસાણાનો સંપર્ક કરતા તેઓએ ફોન જ રિસવી ન કર્યો હતો. તેમજ સંદીપ ગાજીપરાનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે મારા સુધી કોઇ રજુઆત પહોંચી જ નથી. અને વિસ્તાર વાસીઓએ પોતાની સમસ્યાનું ઝડપથી સમાધાન મળે તે માટે મેયરને રજુઆત કરી હતી.(૪.૧)

## મોદી સ્કૂલની શિક્ષિકાએ ગળાફાંસો ખાઇ જીંદગી ટૂંકાવી

**પોલીસ તપાસમાં કામના ભારણથી આપઘાત કર્યાનું ખુલ્યુંઃ એક પુત્ર અને એક પુત્રીએ માતાની છત્રછાયા ગુમાવી**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ.તા.૨૪

રાજકોટ શહેરના કાલાવડ રોડ નજીક જીવરાજપાર્ક પાસે આદીલેન્ડ સોસાયટીમાં રહેતી મોદી સ્કૂલની શિક્ષીકાએ પોતાના ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. છેલ્લા કેટલાક સમયથી શિક્ષીકાએ કામના ભારણથી વ્યસ્ત હોય કંટાળી જઈ આ પગલુ ભર્યુ હોવાની શંકાએ તાલુકા પોલીસે આપઘાતનું કારણ જાણવા આપઘાત અંગે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ જીવરાજપાર્ક નજીક આદીલેન્ડ સોસાયટીમાં રહેતા અર્પિતાબેન સંદીપભાઈ બેબનાથ નામની મહિલાએ પોતાના ઘેર પંખામાં દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા તાલુકા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પોસમોટર્મ અર્થે સિવીલ હોસ્પિટલ ખસેડી તપાસ હાથ ધરી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં અર્પિતાબેનને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું અને મોદી સ્કૂલમાં શિક્ષીકા તરીકે ફરજ બજાવતા હોવાનું પરીવારજનોએ જણાવ્યું હતું.

અર્પિતાબેનના પતિ મેટોડા કામ પર હોય તેનો પૂત્ર અને પુત્રી અન્ય રૂમમાં હતા ત્યારે અર્પિતાબેને ઉપરના માળે આ પગલુ ભરી લીધાનું જાણવા મળ્યું હતું. પોલીસે વધુ તપાસ કરતા શિક્ષકા હોઈ કામના ભારણથી છેલ્લા કેટલાક સમયથી ઉદાસ રહેતા હોવાનું અને કંટાળી આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

## આગામી સપ્તાહથી રાજકોટ-દિલ્હી વચ્ચે દૈનિક ફલાઈટ

**તા.૧થી ૩૦ ઓક્ટોબર સુધીનું શેડયુલ જાહેર**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૪

ભાદરવા માસના શ્રાધ્ધ પર્વ બાદ આસો માસ નવરાત્રીનાં તહેવારોમાં હવાઈ સેવામાં વધારા થવાની શકયતા ધ્યાને લઈ એર ઈન્ડિયા કંપનીએ હાલના શેડયુલમાં ફેરફાર સાથે દિલ્હીની સેવામાં વધારો કરવાનો નિર્ણય લઈ આગામી તા.૧લી થી તા.૩૦ ઓકટોબર સુધી રાજકોટ-દિલ્હી ફલાઈટ ડેઈલી ઉડાડવાનો નવો શેડયુલ જાહેર કર્યો છે.

રાજકોટ એરપોર્ટમાં હાલ એર ઈન્ડિયા, ઈન્ડીગો અને સ્પાઈસ જેટ કંપનીઓની દિલ્હી સેવા શરૂ છે જેમાં એર ઈન્ડિયાની AIC-403-404 રાજકોટ-દિલ્હી ફલાઈટ સપ્તાહમાં સોમ, મંગળ, ગુરૂ, શનિવારે ઉડાન ભરી રહી છે. આ ફલાઈટ આગામી તા. ૧લી ઓકટોબરથી ડેઈલી ઉડાન ભરશે.

ગત જન્માષ્ટમી તહેવારોમાં એર ઈન્ડિયા, સહિત ત્રણ એર લાઈન્સ કંપનીઓની ડેઈલી સેવા બાદ ગત તા.૩૦મીથી સ્પાઈસ જેટ કંપનીએ ગોવા, હૈદરાબાદ, દિલ્હી ડેઈલી ફલાઈટ સપ્તાહમાં ૪ દિવસ સાથે એર ઈન્ડિયા પણ દિલ્હીની સપ્તાહમાં ૪ દિવસ ફલાઈટ ઉડી રહી છે. આગામી તા.૧લી ઓકટોબરથી એર ઈન્ડિયા રાજકોટ-દિલ્હી ફલાઈટનું ડેઈલી ઉડ્ડયન શરૂ થનાર છે. હાલના દિવસોમાં ઈન્ડિગોની રાજકોટ-દિલ્હી ડેઈલી ફલાઈટનું ઉડ્ડયન શરૂ છે આગામી તા.૧લીથી એર ઈન્ડિયાની રાજકોટ-દિલ્હી ફલાઈટનું ડેઈલી ઉડ્ડયન શરૂ થતા હવાઈ મુસાફરોની સુવિધામાં વધારો થનાર છે. સાથે દિલ્હી જતા મુસાફરોને ડેઈલી બે ફલાઈટની સુવિધા મળશે. આગામી નવરાત્રી તહેવારોમાં વહેલી સવારે મુંબઈ જવા ફલાઈટ શરૂ થવાની શક્યતા છે.

## જસદણ-ચોટીલા હાઈવે બિસ્માર બન્યો

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**




જસદણ, તા. ૨૪: ભાજપ શાસિત જસદણ નગરપાલિકા કરોડો રૂપિયા રોડ-રસ્તા પાછળ ખર્ચી રહી છે. છતાં જસદણ શહેરના અનેક મુખ્ય રસ્તાઓ અતિ બિસ્માર હાલતમાં ફેરવાઈ જતા શહેરીજનોમાં મોઢા તેટલી વાતો થવા લાગી છે. ત્યારે જસદણ-ચોટીલા હાઈ-વે રોડ પર આવેલ તાલુકા સેવા સદન નજીકના જીલેશ્વરપાર્ક ગાર્ડન ફરતેનો રસ્તો છેલ્લા ઘણા સમયથી અતિ બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયેલો નજરે પડી રહ્યો છે.

વધુમાં આ રોડ પર પડેલા મસમોટા ખાડાઓમાં વરસાદી પાણીનો ભરાવો થતો હોવાથી કાદવ-કીચડનું સામ્રાજ્ય વધી જવા પામ્યું છે. જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. જોકે આ રસ્તા પરથી જસદણ પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ નિયમિત પસાર થઈ રહ્યા છે. છતાં તેમને આ રસ્તાની દયનીય સ્થિતિ અને કાદવ-કીચડનું સામ્રાજ્ય નજરે પડતું નથી. જેથી વિકાસની વાતો કરનારા જસદણ નગરપાલિકાના અધિકારીઓ દ્વારા તાત્કાલિક આ રોડનું નવીનીકરણ અથવા મરામત કામગીરી કરવામાં આવે તેવી આ રોડ પરથી પસાર થનારા દરેક લોકોની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## જામકંડોરણાના ખજુરડામાં જુગાર રમતાં ચાર શખ્સો ઝડપાયા

**રૂ.૨૯ હજારનો મુદ્દામાલ જપ્ત**



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

રાજકોટ તા.૨૪

જામકંડોરણા તાલુકાના ખજુરડા ગામમાં ચાલતાં જુગારમાં દરોડો પાડીને પતાઢીંચતા ચાર શખ્સોને રોકડ અને બાઈક મળીને રૂા.૨૯ હજારના મુદ્દામાલ સાથે જામકંડોરણા પોલીસે દબોચી લીધા હતા. જુગારના દરોડાની વિગત મુજબ જામકંડોરણા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ટી. એ. મલેક અને હરેશભાઈ કટારાને મળેલ ચોક્કસ બાતમીના આધારે જામકંડોરણા તાલુકાના ખજુરડા ગામમાં જાહેરમાં જુગાર રમતાં રાજેશભાઈ પોલાભાઈ બાબરીયા (ઉ.વ.૩૦), ભાવેશભાઈ બટુકભાઈ આજડા (ઉ.વ.૩૧), રજનીશભાઈ નવીનભાઈ હાસલીયા (ઉ.વ.૩૫), રાહુલભાઈ મનસુખભાઈ વાણવી (ઉ.વ.૨૧) (રહે. તમામ ખજુરડા, જામકંડોરણા)ને રોકડ રૂા.૯૨૫૦/- તથા મો.સા. નંગ-૧ કિં.રૂ.૨૦,૦૦૦/- એમ કુલ મુદ્દામાલ કિં.રૂ.૨૯,૨૫૦/-ના મુદ્દામાલ સાથે તમામને દબોચી લીધા હતા.(૯.૪)

## ૪૫ કિલો ગાંજાના પ્રકરણમાં ફરાર યુવક ઝડપાયો



**માલવીયાનગર અને સુરતના પોલીસ મથકે નોંધાયેલ ગુનામાં ૬ માસથી નાસતો ફરતો હતો**

રાજકોટ તા.૨૪

માલવીયાનગર પોલીસ અને સુરતના કામરેજ પોલીસના ગાંજાના ગુનામાં છેલ્લા ૬ માસથી ફરતા આરોપી તોફીક મહંમદ સંઘાર (ઉવ.૨૪, રહે રંગ ઉપવન સોસાયટી, હનુમાન મઢી પાસે રૈયા રોડ)ને પોલીસે ખીજડાવાળા રોડ પાસેથી ઝડપી લીધો છે.આરોપી માલવીયાનગર પોલીસે પકડેલા ૫ કિલો ૮૦ ગ્રામ અને કામરેજના ૪૦ કિલો ૭૭૫ ગ્રામ ગાંજાના ગુનામાં ફરાર હતો. આરોપીની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરાઈ છે. આ કામગીરીમાં પીઆઈ કે.એન.ભુકણના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.ઝાલા અને તેમની ટીમનો સ્ટાફ ફરજ પર રહયો હતો. આરોપી અગાઉ દારૂ, મારા મારી સહિત ચાર ગુનામાં ઝડપાઈ ચુક્યો છે.(૯.૧૩)

## રાજકોટ રેલવેનું સફાઈ અભિયાન પુરજોશમાં

**રેલવે હોસ્પિટલ, કોલોની અને સ્ટેશનો પર સાફ સફાઈ હાથ ધરાઈ**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૪

રાજકોટ રેલવે મંડળ દ્વારા ૨ ઓકટોબર સુધી સ્વચ્છતા પખવાડીયું મનાવવાની છે. ત્યારે રેલવેની ટીમો દ્વારા રેલવે હોસ્પિટલ, કોલોની અને સ્ટેશનો પર સફાઇ કરવામાં આવી હતી.રાજકોટ રેલવે મંડળના મુખ્ય અધીકારી ડો.એમ આર ચક્રવતી,મંડળ અધીકારી અવીનાશકુમાર સહાયક અધીકારી અનીલ શર્મા સહિતની ટીમોએ કોઠી કમાપાઉન્ડ પાસે આવેલી રેલવે કોલોનીના રહેવાસીઓને કોરોના તેમજ વરસાદને કારણે થતી બિમારીઓથી બચવા માટે માર્ગદર્શન અપાયું હતું. તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા પણ જાગૃત કરાયા હતા. અને આજુબાજુ સફાઇ રાખવા અપીલ કરાઇ હતી. વરસાદની સીઝન હોવાથી આજુબાજુના વિસ્તારોમાં દવાનો છંટકાવ તેમજ ફોંગીગ પણ કરાયું હતું.(૪.૧)

## સરકાર મગફળી ખરીદશે : ૧ ઓકટોબરથી ખેડૂતોની નોંધણી કરાશે શરૂ

**લાભપાંચમથી ખરીદી કરાશે શરૂઃ સરકારે ગયા વખતે રૂ. ૫૨૭૫ લેખે રૂ. ૧૦૬૮ કરોડની મગફળી ખરીદેલ**

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

રાજકોટ,તા. ૨૪:

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનું આયોજન થઇ રહ્યું છે. તા. ૧ થી ૨૦ ઓકટોબર સુધી ગ્રામીણ કેન્દ્રો પરથી ઓનલાઇન નોંધણી કરવાનું અને તા. ૯ નવેમ્બર લાભ પાંચમની ખરીદી કરવાનું નક્કી થયું છે. મગફળી ખરીદીનો સતાવાર કાર્યક્રમ ટૂંક સમયમાં જ જાહેર થશે.

આધારભુત સુત્રોના જણાવ્યા મુજબ નાગરિક પુરવઠા નિગમ દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદવા માટે પૂર્વ તૈયારી થઇ રહી છે. ગયા વર્ષે ટેકાનો ભાવ મણના રૂપિયા ૫૨૭૫ હતા આ વખતે વધારા સાથે રૂપિયા ૫૫૫૦ થયા છે. ગ્રેડીંગ એજન્સી નક્કી કરવા ટેન્ડર બહાર પડી ગયું છે. ખરીદાયેલી મગફળીના પરિવહન માટેની ટેન્ડર પ્રક્રિયા નજીકના ભવિષ્યમાં જ થનાર છે. લાભપાંચમથી સંભવત ૯૦ દિવસ સુધી જે તે જિલ્લાના માર્કેટ યાર્ડોના નિયત કેન્દ્રો પરથી સરકાર મગફળી ખરીદશે.



ગયા વર્ષે મગફળી વેચવા માટે ૪.૬૯ લાખ ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવેલ. જેમાંથી માત્ર ૧.૯ લાખ ખેડૂતો જ મગફળી વેચવા આવેલ. તે વખતે મગફળીના સારા ભાવ હોવાથી મોટાભાગના ખેડૂતોએ ખુલ્લા બજારમાં મગફળી વેચવાનું પસંદ કર્યું હતું.

સરકારે ગત વર્ષે રૂપિયા ૧૦૬૮ કરોડની મગફળી ખરીદી હતી. આ વર્ષે ૧૯૦૯૬ હેકટરમાં મગફળીનું વાવેતર થયું છે. કુદરતી પુરતી અનુકુળતાના અભાવના કારણે ગયા વર્ષ કરતા ઉત્પાદન ઓછુ થવાની ધારણા છે.

## રાજકોટ જિલ્લા પંચાયતમાં ખાડા પડવાની શરૂઆત...





(તસવીરઃ દિલીપ ગોહેલ)

**અગાઉ જિલ્લા પંચાયતના બિલ્ડિંગમાં જ રસ્તાનું નબળું કામ કરી ૪૨ લાખ રૂપિયાનું બિલ બનાવ્યાના કૌભાંડનો પર્દાફાશ ભુપત બોદરે કર્યો હતો**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૪

રાજકોટ જિલ્લા પંચાયતના કમ્પાઉન્ડમાં રૂપિયા ૪૨ લાખના ખર્ચે જે રસ્તો સિમેન્ટનો બનાવવામાં આવેલ છે તેની ગેરંટી ત્રણ વર્ષની છે પરંતુ આ કામ પૂરું થયાને થોડા સમયમાં જ રસ્તો તૂટી ગયો હતો અહીંથી મોટા વાહનો પણ ચાલ્યા નથી સિમેન્ટના રસ્તાઓ તો રજવાડા વખતના બનેલા પણ તૂટ્યા નથી ત્યારે આ રસ્તો ત્રણ મહિનામાં કેમ તૂટી ગયો હશે તેની તપાસ કરી જરૂર પડ્યે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવશે લેબોરેટરીના રિપોર્ટ ખોટા હશે તો તેની સામે પણ પગલા લેવામાં આવશે અને કોન્ટ્રાક્ટરને બ્લેકલીસ્ટ કરવાની સાથોસાથ એસીબીનો દરોડો પણ પડાવવા માટે લેખિતમાં ફરિયાદ કરવામાં આવશે તેમ ભુપતભાઈ બોદરે જણાવ્યું હતું. ભુપતભાઈ બોદરે વધુમાં જણાવ્યું હતું કે સૌથી પહેલી જવાબદારી કોન્ટ્રાક્ટ સંભાળનાર એજન્સીની બની જાય છે અને બીજી જવાબદારી સુપરવાઇઝરની થાય છે રસ્તાનું કામ રાત્રે જ થયું છે ત્યારે રાત્રે ચેકિંગ માટે સુપરવાઇઝર આવ્યા હતા કે કેમ તેની પણ તપાસ થશે આ કામમાં ઓછા ગ્રેડ વાળી મીની સિમેન્ટનો ઉપયોગ થયું હોય તેમ જણાઈ રહ્યું છે.

કોંગ્રેસના પાછલા શાસનમાં કરવામાં આવેલા ભ્રષ્ટાચારના પોપડા ઉખેડયા છે. જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદરે પંચાયતના બિલ્ડિંગમાં જ લાખો રૂપિયાના ખર્ચે સિમેન્ટના રસ્તા બનાવવાનું નબળા કામનું કૌભાંડ પકડી પાડી સપાટો બોલાવ્યો હતો. અને આ ભ્રષ્ટાચાર માટે જે કોઈ જવાબદાર અધિકારી કે કોંગ્રેસ શાસનના પદાધિકારી હશે તેની સામે પગલાં લેવાની જાહેરાત કરી હતી. પણ તેની સામે અત્યાર સુધીમાં શુ પગલા લેવામાં આવ્યા છે તેની કોઇને કંઇ ખબર નથી અને રસ્તામાં દિવસે ને દિવસે વધુ ખાડાઓ પડતા જાય છે. હવે શું તંત્ર મૌન રહેશે કે ભ્રષ્ટાચારીઓ ઉપર પગલા લેવામાં આવશે તે પણ એક ચર્ચાઇ રહ્યું છે. પંચાયતના બિલ્ડિંગમાં આરસીસીના રસ્તા બનાવવાનું કામ થયુ ઓગસ્ટ-૨૦૨૦થી ડિસેમ્બર ૨૦૨૦ સુધી રસ્તાનું કામ રાત્રે રાત્રે કરવામાં આવ્યું હતુ અને ભાજપનું શાસન આવ્યા બાદ આ કામનું ચેકિંગ કરતા રસ્તાના કામની ગુણવત્તા તદ્દન હલકી કક્ષાની હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

**ત્રણ વર્ષની ગેરંટી અને ત્રણ મહિનામાં રસ્તો તૂટી ગયો હજુ રીપેર પણ કરાયો નથી!**



## તંત્રી સ્થાનેથી...

### આતંકવાદી વિચારધારા ખતમ કરવા વિશ્વના દેશો એક થઈ શકશે?

પાકિસ્તાન એક સમયે તાલિબાનોને મદદ કરી રહ્યું હતું પરંતુ તે બાબત અમેરિકા સમજી શક્યું ન હતું. અફઘાન પર સંપૂર્ણ કબ્જો કરવા તેને ડ્રોન મોકલીને જે ખેલ કર્યો તેના કારણે ભારત સહિતના પડોશી દેશો તેમજ અમેરિકા પણ હેબતાઈ ગયેલા!ભારતે અનેકવાર અમેરિકાને પાકિસ્તાનની નીતિ-રીતી બાબતે ધ્યાન દોર્યું હતું પરંતુ આ તો જગત જમાદાર અમેરિકા એટલે ભારતની ચિંતાને તેને ગણકારી નહીં. આખરે અફઘાનિસ્તાનમા જે પરિણામો આવ્યા અને તેમાં પણ અબજો ડોલરના હથિયારો છોડીને અમેરિકાને ભાગવું પડ્યું તે નાનીસૂની વાત નથી. અમેરિકાની ભારતની વાત કાને ન ધરવાને કારણે વિશ્વના કેટલાક દેશોમાં આતંકાદીઓના ડરના પડઘા પડી રહ્યા છે. બીજીતરફ પાકિસ્તાન અફઘાનિસ્તાનમાં પોતાનો હુકમ નો એક્કો ચાલે તે માટે સતત પ્રયાસ કરી રહ્યું છે... પરંતુ આ બાબતે તેને સફળતા નહીં મળે. ચા કરતાં કિટલી વધુ ગરમ હોય તેવી પરિસ્થિતિ હાલના સમયમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમા પ્રવર્તમાન છે. તાલીબાની નેતાઓ પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈ કાબુલ ખાતે વર્ચસ્વ વધારી ન દે તેને માટે તેઓ સતત નજર રાખી રહ્યા છે. કારણ આઈએસઆઈ ઉંદરની જેમ ફૂંકી ફૂંકીને પોતાનુ વર્ચસ્વ ઠોકી બેસાડવા માટે કુખ્યાત છે. પાકિસ્તાનની ભૂમિકાને લઈને તાલીબાનો પાક.થી નારાજ છે તેની પાછળનું કારણ છે તાલિબાની કેટલાક નેતાઓને પાકિસ્તાનની જેલમાં વર્ષો કાઢવા પડયા હતા. જોકે હવે સ્થિતિ તદ્દન બદલાઈ ગઈ છે. તાલીબાની જૂથો પોતાના વર્ચસ્વ સ્થાપિત કરવા બાબતે એકબીજા પર હુમલા કરી રહ્યા છે અને આ કારણે તાલિબાની પીએમ બરાદરને કાબુલ છોડવુ પડ્યું છે કે પછી તેને બંધક બનાવવામાં આવ્યા છે! બે વર્ષ પહેલા અમેરિકન કમાન્ડોએ આઇએસના સ્થાપક બગદાદીને તેના ઘરમાં ઘૂસીને ખતમ કરી નાખ્યો હતો ત્યારે વિશ્વભરમાં આવી આશા વ્યાપી ગઈ હતી કે હવે આઈએસનો કહેર ખતમ થશે. પરંતુ આ આશા ઠગારી નીવડી હતી.



**સોનલ કેટરર્સ**

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ

બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮



લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.


## સુરતમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ, રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં

---

**કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે બાળકોની રસી અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી**

# ભારતમાં ઓક્ટોમ્બરથી બાળકોને રસી આપી શકાશે

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી , તા.૨૪

કેન્દ્ર સરકારે બાળકોની રસી અંગે હજુ સુધી ભલે કોઇ સત્તાવાર જાહેરાત કરી નથી પરંતુ ભારત સરકારની રેગ્યુલેટર એજન્સીએ ગત ૨૦ ઓગસ્ટના દિવસે જ કેડિલાની આ રસીને ઇમરજન્સી યુઝ માટે લીલી ઝંડી આપી દઇને પરોક્ષ સંકેત આપી દીધો હતો કે, ભારતમાં ખુબ ટૂંકા સમયમાં જ ૧૨ વર્ષ કે તેથી વધુ ઉંમરના બાળકો અને કિશોરોને કોવિડની રસીથી સુરક્ષિત કરી શકાશે. આ રસીની વિશેષ ખાસિયત એવી છે કે તે પ્લાઝમીડ ડીએનએ કોરોના વેકિસન છે. ત્રણ ડોઝની આ વેકિસનને લગાવવા માટે ઇન્જેક્શનની કોઇ જરૂર રહેશે નહીં. પ્રથમ ડોઝ લીધા બાદ ૨૮ દિવસે બીજો ડોઝ અને ત્યારબાદ ૫૬ દિવસ પછી ત્રીજો ડોઝ લેવાનો રહેશે. ભારતમાં પણ હવે બાલકોને રસી આપવાનું કામ જલ્દીથી શરૂ થઇ શકે છે. હવે ભારતમાં એક દિવસમાં કરોડોની સંખ્યામાં રસીનું ઉત્પાદન શરૂ થઇ ગયું છે, જેથી રસીની

**ત્રણ ડોઝની આ વેકિસનને લગાવવા માટે ઈન્જેકશનની કોઈ જરૂર રહેશે નહીં**

અછત અંગે ભૂતકાળમાં જે પ્રશ્નો સર્જાયા હતા તે હવે દૂર થતા જણાઇ રહ્યા છે. બાળકોની રસીના ઉત્પાદન ઉપર સીધી નજર રાખી રહેલાં સૂત્રોએ કહ્યુ હતું કે ૧૨ વર્ષ કે તેથી વધુ ઉંમરના બાળકો અને કિશોરો આગામી મહિનેથી એટલે કે ઓક્ટોબરથી કોવિડ-૧૯ની રસી મેળવવાને પાત્ર બની જશે. તેમણે જણાવ્યું હતું કે, કેડિલા હેલ્થકેરની ઝાયકોવી-ડી નામની રસી લોન્ચ થયા બાદ બાળકોને ટૂંક સમયમાં રસી આપવાના સંજોગો થતાં દેખાઇ રહ્યા છે. વિશ્વની સૌ પ્રથમ ડીએનએ આધારિત ઝાયકોવી-ડી નામની આ રસીને ગત મહિને જ ભારતીય નિયમનકારી એજન્સી ઇમરજન્સીના સંજોગોમાં ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી હતી. સૂત્રોએ એમ પણ કહ્યું હતું કે, બાળકો માટે રસી તૈયાર કરનાર આ કંપની એક મહિનામાં રસીના એક કરોડ ડોઝનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. જો કે કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે બાળકોની રસી અંગે હજુ સુધી કોઇ સત્તાવાર જાહેરાત કરી નથી પરંતુ એક



વાત તદ્દન સ્પષ્ટ છે કે ભારતમાં બાલકો માટે કેડિલાની ઝાયકોવી-ડી સિવાય હાલ અન્ય કોઇ રસી ઉપલબ્ધ નથી.(૩.૧૩)

---

# ૭૫ ટકા એન્ટિબોડી સાથે ગુજરાત દેશમાં ચોથા ક્રમે

### મોટાભાગના લોકોએ રસીનો પ્રથમ ડોઝ પણ મેળવી લીધો છે



**(એજન્સી સમાચાર)**

અમદાવાદ ,તા.૨૪

આરોગ્ય વિભાગના એડિશનલ ચિફ સેક્રેટરી મનોજ અગ્રવાલે કહ્યું કે, એઈમ્સના ડાયરેક્ટરનું નિવેદન સુખદ છે તેમ છતા સંભવિત ત્રીજી લહેર માટે ગુજરાત સરકારની પૂરી તૈયારી છે. આરોગ્ય વિભાગ કોઈ જ રિસ્ક લેશે નહીં. સરકારે રસીકરણ ઉપર વિશેષ ભાર મૂક્યો છે. રસીકરણમાં ગુજરાત દેશમાં નંબર ૧ પર છે. ૩૫ ટકા લોકોએ રસીના બંને ડોઝ જ્યારે ૮૨ ટકાએ પ્રથમ ડોઝ લઈ લીધો છે. રાજ્યના ૮૫૦૦ ગામોમાં ૧૦૦ ટકા રસીકરણ થઈ ચૂક્યું છે.એઈમ્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાએ બુધવારે ત્રીજી લહેરની શક્યતાને નકારી દીધી છે.

ત્યારે ગાંધીનગર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થના ડાયરેક્ટર પ્રોફેસર દિલીપ માવલંકરે જણાવ્યું છે કે, મ્યુનિ.ના સર્વે અનુસાર અમદાવાદમાં ૮૨ ટકા લોકોમાં એન્ટિબોડી બની છે. જ્યારે ગુજરાત રાજ્યમાં આ આંકડો ૭૫ ટકા સુધી પહોંચી ગયો છે. તે કારણે કોરોનાની સંભવિત ત્રીજી લહેર બિનઅસરકારક સાબિત થઈ શકે છે.

જોકે પ્રોફેસરે એવી પણ ચેતવણી આપી છે કે, અત્યાર સુધી રાજ્ય અને દેશમાં કોરોનાના જેટલા પણ વેરિયન્ટ ડિટેક્ટ થયા છે તે કરતા વધુ પાવરફુલ કોઈ વાઈરસ આવે તો જ ત્રીજી લહેર અસર કરી શકે છે, પરંતુ હાલ રાજ્યમાં નવા વાઈરસના અણસાર નથી. તેમણે જણાવ્યું કે, કોરોના થવાના કારણે ઘણા લોકોમાં હાર્ડ ઈમ્યુનિટી વિકસી ગઈ છે અને મોટાભાગના લોકોએ રસીનો પ્રથમ ડોઝ પણ મેળવી લીધો છે.

આઈસીએમઆર(ICMR)ના સર્વે મુજબ મુંબઈમાં ૮૫ ટકા લોકોમાં એન્ટિબોડી બન્યા છે. દેશમાં સૌથી વધુ મધ્યપ્રદેશમાં ૭૯ ટકા જ્યારે કેરળમાં સૌથી ઓછા ૪૫ ટકા લોકોમાં એન્ટિબોડી બની છે. એન્ટિબોડી તૈયાર થવામાં ગુજરાત ચોથા ક્રમે છે.(૩.૧૩)

---

## હવે હારીશ તો સીએમ નહીં રહી શકું : મમતા બેનર્જી



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી ,તા.૨૪

બંગાળમાં યોજાયેલ ચૂંટણીમાં નંદીગ્રામ સીટ પર બીજેપીનાં શુભેન્દુ અધિકારી સામે મમતા બેનર્જીની હાર બંગાળમાં જીત સામે પણ વધુ ભારે પડતી જોવા મળી રહી છે. આ જ કારણે મમતા આ હારને ભુલી નથી શક્તાં અને હવે તેઓ ભવાનીપુર સીટ પર થનારા ઉપચૂંટણીમાં કોઈ કસર છોડવા ઈચ્છતા નથી.


તેમણે અહીની જનતાનો એકએક મત કિંમતી હોવાનું ગણાવી મતદાનની અપીલ કરી હતી.બુધવારે ઈકબાલપુરમાં એક રેલી દરમિયાન મમતા બેનર્જીએ જનતાને કહ્યું કે, મારા માટે એકએક મત જરૂરી છે. જો તમે એમ માનીને મતદાન ન કરો કે દીદી તો જીતશે જ. તો એ ખૂબ મોટી ભુલ હશે. જો વરસાદ અથવા તોફાન પણ આવે તેમ છતાં તમે મત આપવા જજો. નહિં તો હું મુખ્યમંત્રી નહીં રહી શકું અને તમને નવા મુખ્યમંત્રી મળશે.

આ અપીલ દ્વારા સ્પષ્ટપણે છતું થાય છે કે, તે કોઈપણ કિંમતે ભવાનીપુરની ઉપચૂંટણી જીતવા ઈચ્છે છે.

આ વર્ષની બંગાળની ચૂંટણીમાં મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસને રાજયની ૨૯૨ સીટમાંથી ૨૧૩ પર જીત મળી હતી તેમ છતાં હવે મમતા માટે એક-એક મત ખૂબ જરૂરી થઈ ગયો છે. (૩.૧૩)

---

# એકાત્મ માનવવાદ અને સમરસ સમાજ રચનાનાં શિલ્પી પંડિત દીનદયાળજીને રાજુ ધ્રુવની ભાવ વંદના



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪

### કાલે જન્મજયંતી પ્રસંગે પંડિતજીનાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ સહિતનાં ચિંતનને વર્તમાન સમયમાં પ્રસ્તુત ગણાવતા રાજુભાઈ ધ્રુવ

મહાન રાષ્ટ્રવાદી ચિંતક, વિચારક, સંગઠક, શિક્ષણશાસ્ત્રી, રાજનીતિજ્ઞ વકતા, લેખક, પત્રકાર, સાહિત્યકાર અને ભારતીય સંસ્કૃતિના પ્રખર પુરસ્કર્તા પં. દિનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતિ - ૨૫ સપ્ટેમ્બર નિમિત્તે તેમના જીવનકાર્યોની યાદોને તાજી કરી યુવા પેઢી સુધી પહોંચાડવાના પ્રયાસરૂપી ભાવવંદના પાઠવતા ભાજપ અગ્રણી પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં રાજકીય પુરુષ પં. દિનનદયાળ ઉપાધ્યાયજીનાં વૈચારિક પથ પર ભારતીય જનતા પક્ષ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નાં નેતૃત્વમાં અગ્રેસર છે.

દેશ નાં યુવાનો પણ પં. દિનદયાળજીનાં વૈચારિક પથ પર અગ્રેસર બની તેમનાં વિચારોને વ્યવહારમાં લાવે તો દેશમાં સોનાનો સૂરજ ઉગી શકે છે.

પંડિતજીનું સ્વપન હતું કે, ભારત વૈશ્વિકસ્તરે મહાસત્તા બને. ભારત પ્રત્યે વિશ્વના દરેક દેશમાં આદર અને સન્માન લાગણી જન્મે. પંડિતજીનાં આ સ્વપ્નને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સાકાર કર્યું છે. તેમ રાજુભાઈ ધ્રુવની અખબારી યાદીમાં જણાવ્યું છે.

સુશાસનની વિચારધારાના પ્રણેતા અને ભાજપ જનસંઘના આરાધ્યપુરૂષ પં.દિનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ નિમિત્તે રાજુભાઈ ધ્રુવે ભાવવંદના વ્યક્ત કરતા વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ જીવનમાં એકવાર પણ પં. દિનદયાળજીનાં જીવન ચરિત્ર અને વૈચારિક મૂલ્યોથી માહિતગાર થાય તો લોકતાંત્રિક મૂલ્યો સાથે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, દેશભક્તિ, સામાજિક સમરસતા અને છેવાડાના ના માનવી નું કલ્યાણ એટલે કે અંત્યોદય અંગે ભારતીય જનતા પક્ષ ની રાષ્ટ્રવાદી વિચારધારાતથી વાકેફ થઈ શકે ભારત ના પૌરાણિક સાંસ્કૃતિક વારસા થી પરિચિત થઈ આત્મગૌરવ અનુભવી શકે.. પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીનાં પ્રેરણાદાયી વિચારોમાં રાષ્ટ્ર અને સમાજને સમૃદ્ધ અને મજબૂત બનાવવાની શક્તિ રહેલી છે.

પં. દિનદયાળ ઉપાધ્યાય એટલે રાજકીય ક્ષેત્રે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરૂ પાડનાર અમર વ્યકિતત્વ. સામાજિક અને રાજકીય ક્ષેત્રે એમણે કરેલુ ઋષિકાર્ય આજે પણ અનેકોનો પથ પ્રકાશિત કરે છે. તેઓ જન્મથી નહીં પરંતુ કર્મથી મહાન હતા. એમના કાર્યોને આધારે જન્મથી લઈ મૃત્યુ પર્યન્તના એમના જીવનની એકએક ઘટનામાં આગળ વધવાનો, ઉન્નતિ સાધવાનો સંદેશ સતત ગુંજ્યા કરે છે.

પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીનાં સમગ્ર જીવનનો સાર માત્ર એક વાક્યમાં જ વ્યક્ત કરવો હોય તો એ વાક્ય છે - વ્યકિત પોતાના કર્મો દ્વારા પુજાય છે. એમણે સંઘર્ષપૂર્ણ જીવનમાં હંમેશા કર્મની શ્રેષ્ઠતાને પ્રસપિત કરી છે.

૧૯૬૭ ના ભારતીય જનસંઘ ના કાલીકટના ખુલ્લા અધિવેશનમાં એમણે પ્રજાતંત્ર, લોકતાંત્રિક મૂલ્યો સાથે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ,સ્વદેશીપણા સાથે સ્વાભિમાન ની ભાજપ ની વિચારધારા થી સમગ્ર રાષ્ટ્રને સ ચરૈવૈતિ! ચરૈવેતિ!! અર્થાત સતત ચાલતા જ રહોનો જે અમર સંદેશ આપ્યો જે એમણે પોતાના જીવનમાં સાકાર કરી બતાવ્યો હતો.

આજથી અર્ધી સદી પૂર્વે પંડિત દિનદયાળજીએ એકાત્મ માનવદર્શનનો વિચાર રજૂ કર્યો હતો.

પંડિતજીનો એકાત્મ માનવવાદ સર્વે જનાઃ સુખિનઃ સન્તુ એટલે કે હુ એકલો નહિં, સૌ સુખી થાયનાં ભાવનાને પ્રગટ કરતુ અલૌકિક ચિંતન છે. ભારતીય રાજનીતિ અને દુનિયાને આ એમની અમૂલ્ય મોટી ભેટ છે. આ દેશના તમામ જાતના સમાધાન શોધવાની આસ ધરાવનાર પ્રકાશપુંજ વિશે અટલ બિહાર વાજપેયીએ કહ્યુ હતું કે, દિનદયાળજીનું જીવન તેમજ તેમના વિચારો આજે પણ ભારતીય જનતા પક્ષ તેમજ સામાજીક સેવાક્ષેત્ર તેમજ જાહેરજીવનમાં જોડાયેલા લાખો લોકો માટે પ્રકાશ બની પદર્શક બની રહ્યા છે.

પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીનું તત્વદર્શન તેમજ ચિંતન રાષ્ટ્ર તેમજ પ્રજા માટે આવનારા સમયમાં પણ જીવનઉપપોગી બની રહેશે તેવું રાજુભાઈ ધ્રુવે અંતમાં જણાવ્યુ હતું.(૧૨)

---

## ભૂલથી જંતુનાશક દવાવાળુ પાણી પી જતાં સગીરા સારવાર હેઠળ

રાજકોટ તા.૨૪

રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણીના સોરીયા ગામે ૧૫ વર્ષીય સગીરા ભૂલથી જંતુનાશક દવાવાળું પાણી પી જતા તેને સારવાર માટે વેરાવળ ખાતે મૂળ સુરેન્નગર જિલ્લાના એક ગામની સગીરા અચાનક બેભાન થઈ જતા તેને પણ સારવારમાં ખસેડાઈ હતી. પ્રથમ બનાવની વિગત મુજબ એમપીનો ખેતમજૂર પરીવાર કોટડા સાંગાણીના સોરીયા ગામે ઠાકરશીભાઈ પટેલની વાડીમાં રહે છે અને ત્યાંજ ભાગમાં ખેતી કરે છે. આ પરિવારની ૧૫ વર્ષીય ગીલીબેન રમેશભાઈ માવી સાંજના ૬ વાગ્યે અચાનક ઉલ્ટી કરવા લાગતા પરીવારે જોયું તો વાડીએ આવેલી કુંડીમાં કપાસમાં છાંટવાની દવાનું ડબલું પડી ગયું હોય અને તે કુંડીમાંથી ગીલીએ પાણી પીધુ હોય જેથી તેને ઉલ્ટી થતી હોવાની જાણ થતા તુરંત તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી.(૯.૧૩)

---

**ભાવનગરનો કરૂણ બનાવ**

## બેકારી અને બિમારીથી કંટાળી આધેડ વૃક્ષ ઉપર લટકી ગયા

ભાવનગર, તા.૨૪: ભાવનગરમાં બેકારી અને બીમારીથી કંટાળી જઇ આધેડ વૃક્ષ સાથે લટકી જઇ આપઘાત કરી લીધો હતો. આ બનાવની વિગતો એવી છે કે ભાવનગર શહેરના રૂવાપરી રોડ પરની ગણેશ સોસાયટીમાં રહેતા બકુલભાઇ બાબુભાઇ ચુડાસમા (ઉ.વ.૪૯)એ તેમના ઘર નજીક ખુલ્લા મેદાનમાં એક વૃક્ષની ડાળી સાથે લટકી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. મૃતક બકુલભાઇ છેલ્લા ઘણા સમયથી બ્લડપ્રેસરની બીમારીથી પીડાતા હતા અને બેકારીથી કંટાળી ગયા હતા. બેકારી અને બીમારીને કારણે તેને આ અંતિમ પગલુ ભર્યુ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલવા પામ્યું છે.(૯.૧૩)

---

**કોટડા સાંગાણીના સોરીયા ગામની ઘટના**

## સગીરા અચાનક બેભાન થઈ જતાં સારવાર હેઠળ

રાજકોટ, તા.૨૪

શાપર-વેરાવળ ખાતે રહેતી રતનબેન કુબેરભાઈ મકવાણા (ઉ.વ.૧૩) બપોરે ૧૨ વાગ્યે પોતાના ઘરે હતી ત્યારે બેભાન થઈ જતાં તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી.

કોઈ ઝેરી પ્રવાહીની અસર થઈ હોવાનું તબીબોએ શક્યતા દર્શાવી હતી. રતનનો પરીવાર મૂળ સુરેન્દ્રગર જિલ્લાના કડવાળા ગામનો વતની છે. છ માસ પહેલા જ પરીવાર શાપર ખાતે ભાડાના મકાનમાં રહેવા આવ્યો છે. તેના પિતા કારખાનામાં કામ કરે છે અને તેણી ૧ ભાઈ ૧ બહેનમાં નાની છે. શાપર પોલીસે બનાવ અંગે પરીવારજનોના નિવેદન લેવા તજવીજ કરી હતી.(૯.૧૩)

---

## ભાટીયા ગામનો યુવાન દારૂના જથ્થા સાથે ઝડપાયો

### ૧૦,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરતી પોલીસ



ખંભાળિયા, તા. ૨૪

કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામે રહેતા નરેશ હીરાભાઈ પારીયા નામના ૨૪ વર્ષના યુવાને સરકારી ખરાબામાં બાવળની ઝાડીઓમાં છુપાવીને રાખેલી રૂપિયા દસ હજારની કિંમતની ૨૫ બોટલ વિદેશી દારૂ તેમજ એક મોબાઇલ ફોન મળી કુલ રૂપિયા ૧૦,૫૦૦ ના મુદ્દામાલ સાથે કલ્યાણપુર પોલીસે આ નરેશ પારિયાની અટકાયત કરી, પ્રોહીબીશન એક્ટ મુજબ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.(૯.૧૩)

---

# માધાપર ચોકડી પાસે ટ્રકે વિદ્યાર્થીનીને હડફેટે લીધી

### ઈજાગ્રસ્ત છાત્રાને સારવારમાં ખસેડાઇ : ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ, તા.૨૪

માધાપર ચોકડી પાસે આરએમસીના કચરા ઉપાડતા ટ્રકની હડફેટે વિદ્યાર્થીની ચડતા શરીરે ઇજાગ્રસ્ત થતાં સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચાલક ટ્રક મુકીને ફરાર થતા ગાંધીગ્રામ પોલીસે શોધખોળ હાથ ધરી હતી.વધુમાં ઇજાગ્રસ્ત વિદ્યાર્થીનીના પિતાએ જણાવ્યું કે ગત રોજ મારી પુત્ર અંશુબેન મુકેશભાઇ કાંજાણી (ઉ.વ.૧૮, રહે. સુંદરમ સીટી, એ-૮૦૨, મોરબી બાયપાસ પાસે) કોટેચા ચોક પાસે કામ બાબતે ગયેલ હતી. જયાંથી પરત ફરતી વખતે માધાપર ચોકડી પાસે પહોંચી ત્યારે સામેથી પુરપાટ ઝડપે આવતા આરએમસી ટ્રક હડફેટે લીધી હતી. અંશુબેન બીબીએના પહેલા વર્ષમાં અભ્યાસ કરે છે અને ત્રણ ભાઇ-બહેનમાં વચેટની છે.

જે અંગે ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઇ પી.એમ.અકવાલીયા અને તેની ટીમે વધુ તપાસ હાથ ધરી હતી.(૯.૧૩)

---


## જામકંડોરણાના ખજુરડામાં જુગાર રમતાં ચાર ઝડપાયા

રાજકોટ તા.૨૪

જામકંડોરણા તાલુકાના ખજુરડા ગામમાં ચાલતાં જુગારમાં દરોડો પાડીને પતાઢીંચતા ચાર શખ્સોને રોકડ અને બાઈક મળીને રૂા.૨૯ હજારના મુદામાલ સાથે જામકંડોરણા પોલીસે દબોચી લીધા હતા. જુગારના દરોડાની વિગત મુજબ જામકંડોરણા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ટી. એ. મલેક અને હરેશભાઈ કટારાને મળેલ ચોક્કસ બાતમીના આધારે જામકંડોરણા તાલુકાના ખજુરડા ગામમાં જાહેરમાં જુગાર રમતાં રાજેશભાઈ પોલાભાઈ બાબરીયા (ઉ.વ.30), ભાવેશભાઈ બટુકભાઈ આજડા (ઉ.વ.૩૧), રજનીશભાઈ નવીનભાઈ હાસલીયા (ઉ.વ.૩૫), રાહુલભાઈ મનસુખભાઈ વાણવી (ઉ.વ.૨૧) (રહે. તમામ ખજુરડા, જામકંડોરણા)ને રોકડ રૂા.૯૨૫૦/- તથા મો.સા. નંગ-૧ કિં.રૂા.૨૦,૦૦૦/- એમ કુલ મુદામાલ કિં.રૂા.૨૯,૨૫૦/-ના મુદ્દામાલ સાથે તમામને દબોચી લીધા હતા.

---

## ખંભાળીયા ગ્રામ્ય વિસ્તારમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા



જામખંભાળીયા, તા. ૨૪

ખંભાળિયા ડીવાયએસપી કચેરીના સ્ટાફ દ્વારા ગઈકાલે બુધવારે ઢળતી સાંજે ચોક્કસ બાતમીના આધારે તાલુકાના નાના આસોટા ગામે જુગાર દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં એક ખેતરની બાજુમાં બેસીને જાહેરમાં ગંજીપાના વડે તીનપતી નામનો જુગાર રમી રહેલા જામનગરના ગોકુલ નગર વિસ્તારમાં રહેતા અનિલ વિનુભાઈ ઉમરાણીયા, નાના આસોટા ગામના ગઢવી પ્રવીણ રાયા સંધીયા અને ખેંગાર રામદે સંધિયા નામના ૨૧ વર્ષના વિદ્યાર્થી યુવાન મળી, ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લઇ, રૂ. ૨૬,૬૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ દરોડા દરમિયાન કમલેશ રામદે સંધીયા, સિક્કા ગામનો નવલ ડાવાભાઈ રૂડાચ અને મોટા આસોટા ગામનો હમીર આહીર નામના ત્રણ શખ્સો નાશી છૂટ્યા હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. ખંભાળિયા પોલીસે જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.(૯.૧૩)

---

**રાજકોટ જિલ્લામાં ડોર ટુ ડોર વેક્સિનેશનનો પ્રારંભ**

# ધન્વંતરી રથના માધ્યમથી દિવ્યાંગોને રસી અપાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪

દેશમાં કોરોનાનાં કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે અને કોરોના કાબુમાં આવી રહ્યો છે. દેશભરમાં વેક્સિન લેનારની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. દેશમાં વેક્સિનેશનનો આંકડો ૮૩ કરોડને પાર પહોંચી ગયો છે. દરમ્યાન સરકારે મોટો નિર્ણય લેતા ડોર ટુ ડોર વેક્સિનેશન માટે મંજૂરી આપી દીધી છે. સરકાર દ્વારા આ અંગેની ગાઈડલાઈન પણ જારી કરી દેવામાં આવી છે. આ દરમ્યાન રાજકોટ જિલ્લામાં પણ ડોર ટુ ડોર વેક્સિનેશન અભ્યાનનો પ્રારંભ થઇ ચુક્યો છે.

### રાજકોટ જિલ્લામાં આજ સુધી ૧૦ લાખ લોકોએ રસીનો પ્રથમ ડોઝ લીધો

રાજકોટ જિલ્લામાં પંચાયતનાં આરોગ્ય અધિકારીનાં જણાવ્યા અનુસાર ડોર ટુ ડોર વેકિસનેશન અભિયાન અંતર્ગત જિલ્લામાં કોરોના કાળમાં સતત ચાલી રહેલી ધન્વંતરી રથ જે લોકોને ઘરે-ઘરે જઈને કોરોના ટેસ્ટ અને ચેકઅપ કરતા હતા. હવે તે જ માધ્યમથી ધન્વંતરી રથ દ્વારા વેક્સિનેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ધન્વંતરી રથની મદદથી દિવ્યાંગ લોકો શારીરિક રીતે અશક્ત લોકો અને હાર્ડકોર રેસીસ્ટેન્સ લોકો કે જે વેક્સિનેશન કેમ્પ સુધી જઈ શકતા નથી. તેને ઘરે જઈને વેક્સિન આપવામાં આવશે. વેકિસનેશનનાં આ કાર્ય દરમ્યાન જે તે ગ્રામ સરપંચ, તલાટી, આરોગ્ય અધિકારીઓ તેમજ જો વધુ જરૂર પડશે તો શિક્ષકોની સહાય લેવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં આજ સુધીમાં પ્રથમ ડોઝ લેનારાઓની સંખ્યા ૧ મિલિયન એટલે કે ૧૦ લાખને પાર થઇ ચુકી છે. એટલે કે, ૯૧ ટકા જેટલું વેક્સિનેશન થયું છે. સાથોસાથ બીજો ડોઝ લેનારાની સંખ્યા ૩ લાખ ૯૫ હજાર આસપાસની છે જે ૪૦ ટકા જેટલું વેક્સિનેશન છે.(૧૫.૧૨)

---






**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

**મો.9429787729**

email:-saurashtrakranti@gmail.com

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

## રાજકોટમાં સ્વચ્છતા અભિયાનનું સુરસુરીયું

# મેયરના વોર્ડમાં ન્યુસન્સ પોઈન્ટનો રાફડો ફાટયો!





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

મહાનગરપાલિકાના શાસકો અધિકારીઓ અને પદાધિકારીઓ રાજકોટ શહેરને ગ્રીન સીટી, કલીન સીટી અને હિન્દુસ્તાનના નકશામાં રાજકોટને બેનમૂન શહેર બનાવવાની અને રાજકોટને શિકાગો બનાવવાની વારંવાર ગુલબાંગો ફેકી ચૂકયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશવાસીઓના હિતમાં અનેક યોજનાઓ અમલમાં મૂકેલ છે. તેમાં સ્વચ્છ ભારત મિશન હેઠળ સ્વચ્છતા અભિયાન દ્વારા મહાનગરપાલિકામાં કાર્ય ચાલી રહેલ છે. જે અંતર્ગત રોજબરોજ વન-ડે ટુ વોર્ડ માં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે છે પરંતુ મેયરનો વોર્ડ નંબર ૧૨ જાણે કે મહાનગરપાલિકાની હદની બહાર આવતો હોય એ પ્રકારે વોર્ડ નંબર ૧૨ મા કચરાના ગંજ ખડકાયા છે. આ વોર્ડમાં સ્વચ્છતા અભિયાનની વાતોનું સુરસુરિયું થઇ ગયું છે. લોકસંસદ વિચાર મંચ દ્વારા જણાવાયું છે.

લોક સંસદ વિચાર મંચના હિતાક્ષીબેન વાડોદરિયા (પ્રિયદર્શની નારી શક્તિ) દ્વારા વખતો-વખત કોલ સેન્ટરમાં મેયરના વોર્ડમાં અંકુર રોડ પર એક કિલોમીટર ત્રણ ત્રણ સ્થળોએ કચરાના ડુંગર જેવા ઢગલા અને કચરાના ગંજ ખડકાયા છે. જે અંગે મેયરને પણ વોટ્સએપથી ફરિયાદ કરી છે. પરંતુ અગાઉની કોલ સેન્ટર ફરિયાદો પ્રત્યે તંત્ર દ્વારા આંખ મિચામણા કરાયા છે.! ત્યારે ફરીથી આજે નવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૨૩ ૧૯૭૩ પર પણ ફરિયાદ કરી નીંભર તંત્રનું વધુ એક વખત ધ્યાન દોરવામાં આવેલ છે. અગાઉની ફરિયાદો હલ નહીં કરાતા આજે મ્યુનિસિપલ કમિશનરને કચરાના ગંજ ના ફોટાઓ સાથે લેખિત રજૂઆત કરવામાં આવી છે. શહેરમાં મેયરે તમામ વોર્ડમાં ન્યુસન્સ પોઇન્ટ નાબૂદ કરવાની વાતો કરી હતી પરંતુ મેયરના વોર્ડમાં જ ન્યુસન્સ પોઇન્ટનો રાફડો ફાટયો છે. મેયરના વોર્ડમાં જ ન્યુસન્સ પોઇન્ટ નાબૂદ થયા નથી.

વોર્ડ નંબર ૧૧ અને વોર્ડ નંબર ૧૪ ની મહાનગરપાલિકાની પ્રેસ યાદીમાં ૩૦ ટન કચરો ઉપાડવામાં આવ્યો છે તેઓ ખુદ કોર્પોરેટરોની યાદીમાં જણાવાયુ છે ત્યારે સવાલ એ છે કે સ્માર્ટ સિટીમાં આટલો બધો ૩૦ ટન જેટલો અધધધ કચરો ઠાલવી કોણ જાય છે.!

વોર્ડના દુકાનદારો અને રહેવાસીઓના જણાવ્યા અનુસાર રાજકોટ શહેરના વોર્ડ નંબર ૧૨ માં મહાનગરપાલિકાનું ટ્રેક્ટર્સ કચરા ભરવા આવે છે. પરંતુ આ કચરા જાણે કે મહાનગરપાલિકાની હદમાં ન આવતા હોય તે પ્રકારે કચરા ઉપાડયા વગર ટ્રેક્ટરો જતા રહે છે. મેયરના વોર્ડમાં મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઉભી થઇ છે જે પગલે મ્યુનિસિપલ કમિશનરને તાકીદે યોગ્ય પગલાં ભરવા આવેદનપત્ર અપાયું છે. મ્યુનિસિપલ કમિશનરને રજૂઆતમાં લોકસંસદ વિચાર મંચના હિતાક્ષીબેન વાડોદરિયા, ગજેન્દ્રસિંહ ઝાલા, રમેશભાઈ તલાટીયા (મહામંત્રી શહેર કોંગ્રેસ), એડવોકેટ ઇન્દુભા રાઓલ, ધીરુભાઈ ભરવાડ, ચંદ્રેશ રાઠોડ (પૂર્વ મહામંત્રી શહેર યુથ કોંગ્રેસ), સરલાબેન પાટડીયા, ભાવેશ પટેલ (મહામંત્રી શહેર ફરિયાદ સેલ), પારૂલબેન સિધ્ધપુરા સહિતના રાજકીય સામાજીક કાર્યકરો આગેવાનો જોડાયા હતા.(૧.૧૬)

## લોકસંસદ વિચાર મંચ દ્વારા મ્યુ.કમિશનરને ગંદકીના ફોટા સાથે રજૂઆત

### ચમત્કારિક હનુમાનજી, શનિદેવ ટ્રસ્ટ અને આરોગ્ય શિક્ષણ સંસ્થાનનાં સંયુક્ત ઉપક્રમે

## આવતીકાલે એક્યુપ્રેશર, નેચરોપથી અને સુજોક થેરાપી દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

જન આરોગ્ય શિક્ષણ સંસ્થાનના પ્રમુખ ડો. પ્રકાશ કે. ચાવડા (એડવોકેટ) ની અખબારી યાદી મુજબ ચમત્કારીક હનુમાનજી તથા શનિદેવ ટ્રસ્ટ, ચમત્કારિક હનુમાનજી મંદિર, કાલાવડ રોડ, રાજકોટ ખાતે આવતીકાલે સાંજના ૪ થી રાત્રીના ૮ વાગ્યા સુધી વૈકલ્પીક ચિકિત્સા, સુજોક થેરાપી, નેચરોપથી ચિકિત્સા અને એક્યુપ્રેશર કેમ્પનું બહોળુ આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં ચમત્કારિક હનુમાનજી તથા શનિદેવ ટ્રસ્ટના પ્રમુખ બળવંતસિંહ રાઠોડ, (એડવોકેટ) નિરૂભા વાઘેલા, (કોર્પોરેટર વોર્ડ નં.૧૦) ધર્મેન્દ્રભાઈ ભગત, જયેશભાઈ માલવી (સંતોષ પ્રીન્ટર્સ), આશિષભાઈ ગોહેલ (હરીકૃષ્ણ ડાળપકવાન), મનસુખભાઈ થાનકી, જીતુભાઈ ચંદારાણા, વિક્રમસિંહ પરમાર, બલભદ્રસિંહ ચુડાસમા વગેરે કમિટિ મિત્રો તૈયારી કરી રહયા છે. ઉપરોકત મેડીકલ કેમ્પમાં ડાયાબીટીશ, બ્લડ પ્રેશર, વા- સાંધાના દુખાવા, સાયટીકા, પેરાલીસીસ, લકવો, ગરદન, ઘુંટણ તથા કમળના મણકાની તમામ તકલીફ, ગાદી ઘસાવી, સ્ત્રી- પુરૂષના રોગો, હાથ- પગના સોજા, હરસ, મસા, ભગંદર, ચામડીના રોગો તથા તમામ પ્રકારના હઠીલા અને અસાધ્ય રોગોની સારવાર તથા નિદાન વિનામુલ્ય કરી આપવામાં આવશે. તે સાથે ગૌશાળા દ્વારા નિર્મિત ગૌ પ્રોડકટ પણ રાહત ભાવે આપવામાં આવશે. ઉપરોકત કેમ્પમાં આધુનિક મશીન દ્વારા એકયુપ્રેશર સારવાર આપવામાં આવશે.

**વૈદ્ય મહેશ સોજીત્રા અને ડો.મહેશ ચાવડા કેમ્પમાં સેવા આપશે**

કેમ્પમાં રાજકોટના સવિખ્યાત વૈદ્ય મહેશભાઈ સોજીત્રા તથા રાજકોટના જાણીતા સુજોક થેરાપીસ્ટ તથા એકયુપ્રેશર નિષ્ણાંત ડો. મહેશ કે. ચાવડા ખાસ ઉપસ્થિત રહી સેવા આપશે. ઉપરોકત કેમ્પમાં દર્દીઓ મર્યાદિત સંખ્યામાં લેવાના હોવાથી સંસ્થાનના કમિટી મેમ્બર જયેશભાઈ માલવી મોબાઈલ નં. ૯૮૯૮૦ ૩૧૯૩૯ તથા આશિષ ગોહેલ મો.નં. ૯૮૭૯૦૭૮૦૩૮ સંપર્ક કરી નામ નોંધાવી દેવા જેથી અનુકુળતા રહે.

કેમ્પને સફળ બનાવવા જન આરોગ્ય શિક્ષણ સંસ્થાનના પ્રમુખ ડો. પ્રકાશ કે. ચાવડા (એડવોકેટ), ઉપપ્રમુખ નવલદાન ગઢવી, મંત્રી ડો. વિજય ભટ્ટી, સહમંત્રી ડો. ભગવતસિંહ પરમાર, નિરજભાઈ સોલંકી (એડવોકેટ એન્ડ નોટરી), પ્રફુલભાઈ ચંદારાણા (એડવોકેટ), શૈલેષભાઈ સુચક (એડવોકેટ), દિપકભાઈ પુજારા વિગેરે ભારે જહેમત ઉઠાવી રહયા છે. તેવુ સંસ્થાનની યાદીમાં જણાવવામાં આવેલ છે. તથા વધુ વિગત માટે ચમત્કારિક હનુમાનજીના મંદિર કમિટી પ્રમુખ બળવંતસિંહ રાઠોડ મો.નં. ૯૪૨૮૦૩૪૧૧૩ ઉપર સંપર્ક કરી શકશો.(૭.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### રાજકોટની આબરૂ લેતા 'ખાડા પુરતી' કોંગ્રેસ

કરવામાં મહાનગરપાલિકા નિષ્ફળ નિવડેલી છે. જેથી રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ખાડા પૂરો અભિયાનમાં કાર્યકરો સથે મળી પ્રમુખ અશોકભાઈ ડાંગર દ્વારા કેનાલ રોડ પરના ખાડાઓમાં રેતી-કપચી નાખીને ખાડા બુરવાનો પ્રારંભ કર્યો હતો.અશોકભાઈ ડાંગરે વધુમાં જણાવ્યું હતું કે, વરસાદ થયાના ૧૪ દિવસ થયા અને આ ખાડાઓ ત્યારથી પડ્યા છે. છતાં મ્યુ.તંત્રનાં પેટનું પાણી હલતું નથી. જેથી કોંગ્રેસ પક્ષ આ ખાડા પુરવા ઝુંબેશ કરી છે.રાજકોટનાં મુખ્ય રસ્તાઓ સોરઠીયાવાડી રોડ, ૮૦ ફૂટ રોડ, માલવિયા ચોક, સંતકબીર રોડ, ગ્રીનલેન્ડ ચોકડી, પેડક રોડ, ભાવનગર રોડ સહિત બધા રસ્તાઓની સ્થિતિ એટલી બધી ખરાબ છે કે તેના કરતા ગામડાનાં રસ્તાઓ પણ સારા હોય છે. ખરાબ રસ્તાનાં કારણે લોકો સ્લીપ થાય છે. ફ્રેકચર થઇ જાય છે. તેમજ કમર અને મણકાનાં દુ:ખાવા થઇ જાય છે.શહેર કોંગ્રેસનાં આગેવાનો કાર્યકરો સાથે મળીને શહેરનાં મુખ્ય માર્ગ કેનાલ રોડ પરના ખાડામાં રેતી અને કપચી નાખીને પૂર્વમાં આવ્યા હતા. જેથી ઘોર નિંદ્રામાં સુતેલું રાજકોટ મ્યુ.તંત્ર જાગે. એવી આશા સેવાઈ રહી છે.ખાડા પૂરો અભિયાનમાં શહેર પ્રમુખ અશોકભાઈ ડાંગર સાથે બીજલભાઈ ચાવડીયા, કેયુરભાઈ મસરાણી, જગદીશભાઈ સાગઠીયા,પાંચાભાઈ વજકાણી, ગોકળભાઈ ડાભી, નારણભાઈ હિરપરા, રવિભાઈ ડાંગર અને હર્ષ પટેલ સહિતનાં કાર્યકરો જોડાયા હતા.(૧૨)

### વિધાનસભાનું સત્ર લંબાવવાની કોંગ્રેસની માંગણી ફગાવી દેતી સરકાર

અમે એક અઠવાડીયા માટે સત્ર લંબાવવાની માંગણી કરી હતી. કોરોના મૃતકોના વળતળ અને શ્રધ્ધાંજલી ઠરાવ અંગે અમે સરકારને રજૂઆત કરી હતી. સત્ર લંબાવવા માટેની કોંગ્રેસની માંગણીને સરકારે નકારી કાઢી છે અને જાહેર કર્યુ છે કે, બે દિવસનું જ સત્ર યોજાશે. કામકાજ સલાહકાર સમીતિની બેઠકમાં સત્ર સંચાલન અંગે આયોજન નક્કી કરવામાં આવ્યું હતું. વિધાનસભાના પહેલા મહિલા સ્પીકર તરીકે નીમાબેન આચાર્ય નિશ્ચિત બન્યા છે કેમ કે, એની સામે કોંગ્રેસે કોઇ ઉમેદવાર ઉતાર્યા નથી. સોમવારે નીમાબેનને વિજેતા જાહેર કરવામાં આવે એવી શકયતા છે.

### રાજકોટ મહાનગરપાલિકા તંત્ર ગેરકાયદે બાંધકામ રોકવામાં વામણું

મેળવનાર કદાચ જગદીશન પ્રથમ આઈ.એ.એસ હતા. તેઓની રાજકીય દબાણનાં કારણે ટ્રાન્સફર થતા રાજકોટ શહેર ભારે અશાંત બન્યું હતું અને તોફાનોને અંકુશમાં લેવા પોલીસને મેદાનમાં ઉતારવી પડી હતી. હાલમાં આવા સનિષ્ઠ અધિકારીઓને કમી મહેસુસ થાય છે. એક વખત પૂર્વ કેન્દ્રીય પ્રધાન અને એમ.પી નાં મુખ્યમંત્રી ખરું કહ્યુ હતું કે બ્યુરોક્રેટ અમારા પગના ચપલ ઉપાડે છે. તેઓનું આ કથન ઘણે અંશે માટીપગા અધિકારીઓને લાગુ પદે છે અન ખરું લાગે છે. હાલમાં ચાપલુસી અને કહ્યાગરા અધિકારીઓની બોલબાલા છે. રોડ-રસ્તા, ગટર વ્યવસ્થા અને ગેરકાયદે બાંધકામો સામે લાલ આંખ કરે તેવા સનદી અધિકારીને જનતા શોધી રહી છે. વર્તમાન ખોખલું તંત્ર આ અપેક્ષા પૂરી કરી શકશે કે કેમ એવો પ્રશ્ન અત્રે ચર્ચાઈ રહ્યો છે.(૧૨)

### સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે સ્વાતંત્ર્ય સંગ્રામને વર્ણવતા

## ૧ હજારથી વધુ રસપ્રદ પુસ્તકોના પ્રદર્શનને ખુલ્લુ મુકતા કલેકટર

**આજે સાંજના ૬ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લુ રહેશે**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી થઇ રહી છે. જેના ભાગ રૂપે રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હેઠળના ગ્રંથાલય ખાતું ગુજરાત સરકાર હસ્તકના સરકારી જિલ્લા પુસ્તકાલય, રાજકોટ ખાતે ગુરૂવારે કલેકટર અરૂણ મહેશ બાબુના હસ્તે આઝાદી સંગ્રામને લગતા રસપ્રદ પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવેલ છે. જેમાં આઝાદી સંગ્રામની વિવિધ ઘટનાઓ અને આઝાદી સંગ્રામના લડવૈયાઓ જેવા કે ઝવેરચંદ મેઘાણી, મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ, સુખદેવ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, રાણી લક્ષ્મીબાઈ, બાળ ગંગાધર તિલક, મંગલ પાંડે સહિતના સ્વાતંત્ર્ય વીરોના જીવન કવન અને તેમના કાર્યપ્રદાનને વર્ણવતા એક હજારથી વધુ પુસ્તકોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં લેંગ લાયબ્રેરીના ટ્રસ્ટી પ્રવિણભાઇ રૂપાણી, રેખાબા જાડેજા, ગ્રંથાલય વિભાગ ગાંધીનગરના અધિકારી જે.એમ. લેઉઆ, સરકારી ગ્રંથાલય રાજકોટના ગ્રંથપાલ એસ.એસ.શહેરા, મદદનીશ ગ્રંથાલય નિયામક રાજકોટ એલ.આર.માંઢ, મદદનીશ ગ્રંથપાલ આર.ડી. પરમાર, રમાબેન રાણા, સુમરા અનિષા સહીત કર્મચારીઓ અને વાંચકો ઉપસ્થીત રહ્યા હતા. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે પ્રાંગણમાં વૃક્ષારોપણ કરાયું હતું.

સરકારી જિલ્લા પુસ્તકાલય, રાજકોટ ખાતેનું આ પુસ્તક પ્રદર્શન આજે સવારે ૧૦ કલાકથી સાંજના ૬ કલાક સુધી જાહેર જનતાને નિહાળવા માટે ખુલ્લુ રહેશે. આ પ્રદર્શનનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.(૧.૧૬)

### 'રાષ્ટ્રીય એકતા દિવસ' થીમ આધારીત

## ધો.૬ થી ૧૦ સુધીના બાળકો માટે ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન

**'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત કરાયું આયોજન: ૧૦૦ બાળકોની પસંદગી કરાશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

દેશના આઝાદીના ૭૫ વર્ષની આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી નિમિત્તે રાજકોટ ખાતે રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત લલિતકલા અકાદમી ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી દ્વારા સંચાલીત ચિલ્ડ્રન પેઇન્ટીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે. ધોરણ ૬ થી ૧૦ સુધીના બાળકો માટે ચિલ્ડ્રન પેઇન્ટીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.

આ વર્કશોપમાં ભાગ લેવા ઇચ્છુક બાળકોના વાલીઓએ નિયત નમુનાનું ફોર્મ જિલ્લા રમતગમત અધિકારી (શહેર) ની કચેરી, ૭/૨ બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, ખાતેથી મેળવી તા. ૧૫/૧૦ સુધીમાં ભરીને પરત કરવાનું રહેશે. આવેલ અરજી પૈકી ૧૦૦ બાળકોની પસંદગી કરવામાં આવશે તેમ રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારી ડી.જે.વાઘેલાની યાદીમાં જણાવાયું છે.(૧.૧૬)

### રાજકોટમાં નિર્માણાધીન પુલ-રોડનું કામ

## સમયસર પૂર્ણ કરવા સુચના આપતા પો.કમિશનર



**રાજકોટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

પોલીસ કમિશનર મનોજ અગ્રવાલની અધ્યક્ષતામાં રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઇ હતી, જેમાં શહેરમાં પાંચ મુખ્ય પુલોના બાંધકામ તેમજ રાજકોટ અમદાવાદ સિક્સ લેન રોડના નિર્માણ અને માધાપર ચોકડી પાસે નિર્માણ પામી રહેલ ફ્લાય ઓવર બ્રિજના કારણે ટ્રાફિક નિયમન અને ડાયવર્ઝનની પરિસ્થિતિની સમીક્ષા કરતા પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે સંબંધિત વિભાગના અધિકારીઓને ટ્રાફિક મેનેજમેન્ટ પ્લાન સાથે કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવા સૂચના આપી હતી.

શહેરમાં આકાર પામી રહેલા બ્રીજ તેમજ ડાયવર્ઝન આસપાસ દબાણકર્તા ફેરિયાઓને દૂર કરવા દબાણ હટાવ શાખા દ્વારા નિયમિત ઝુંબેશ, ટ્રાફિક સંલગ્ન ટ્રાફિક સિગ્નલ નિયમન, રોડ પર પાર્કિંગ ઝોન ડિમાર્કેશન લાઈન, સિગ્નલ આસપાસ નડતરરૂપ ઝાડની ડાળીઓ દૂર કરવા સહિતના મુદ્દે યોગ્ય કરવા પોલીસ કમિશનર દ્વારા સૂચના અપાઈ હતી.

રોડ સેફ્ટી મિટિંગમાં જોઈન્ટ પોલીસ કમિશનર અહેમદ ખુર્શીદ, ડી.સી.પી. - ઝોન-૧ પ્રવિણકુમાર, એ.સી.પી. ટ્રાફિક પોલીસ મલ્હોત્રા, રોડ સેફ્ટી વિભાગના નિવૃત સી.ઈ.ઓ. જે.વી. શાહ, આર.ટી.ઓ અધિકારી લાઠીયા, મહાનગરપાલિકા, એસ.ટી વિભાગ, હાઈ-વે ઓથોરિટી, જી.ઇ.બી, માહિતી વિભાગ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.(૧.૧૬)

### રાજકોટની આઇ.ટી.આઇ.માં પ્રવેશ મેળવવા તક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૪

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, મોરબી રોડ, રાજકોટ (સરકારી), નાગેશ્વર મંદિર પાસે, જામનગર રોડ, ખાતે મિકેનિક ડિઝલ, એ.ઓ.સી.પી., વાયરમેન વાયરમેન (જી.સી.વી.ટી) કો.પા., ફિટર જેવા રોજગારલક્ષી કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે ફોર્મ ભરવાની તથા સ્વીકારવાની મુદત આગામી તા.૨૭ સુધીની છે. પ્રવેશ મેળવવા ઇચ્છુકે જાહેર રજા સિવાયના દિવસોમાં સવારના ૧૦થી સાંજના ૫ કલાક દરમિયાન સંસ્થાનો સંપર્ક સાધવાવાનો રહેશે. તેમ આઇ.ટી.આઇ.ના આચાર્યની યાદીમાં જણાવાયુ છે.(૧.૧૬)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### ઉપાધ્યક્ષ પદ માટેની ચૂંટણીમાં ભાજપ સામે કોંગ્રેસના ઉમેદવાર મેદાનમાં

ધારાસભ્ય જેઠા ભરવાડે ઉમેદવારી પત્ર ભરતા વિપક્ષ કોંગ્રેસ નારાજ થયો છે. ઉપાધ્યક્ષ પદ માટે વિપક્ષે સંમતી આપી નથી. પરંતુ નીમાબેન આચાર્યના નામ સામે કોઇ વિરોધ કરવામાં આવ્યો નથી. જેઠા ભરવાડની ઉમેદવારી સામે વિપક્ષ કોંગ્રેસે નારાજગી વ્યકત કરી છે અને જેઠા ભરવાડના નામ માટે સંમતી આપી નથી.કચ્છના ધારાસભ્ય, જાણીતા મહિલા અગ્રણી નીમાબેન આચાર્યએ આજે સ્પીકર પદ માટે સવારે ઉમેદવારી પત્ર ભર્યુ હતું અને પ્રક્રિયા મુજબ ભાજપમાંથી રાજીનામું આપી દીધુ હતું. વિધાનસભા સચિવાલયના સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતું કે, નીમાબેન આચાર્યને સોમવારે વિજેતા જાહેર કરવામાં આવશે. દરમ્યાન આજે વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિની બેઠક પણ મળી રહી છે. આવતી તા.૨૭ અને ૨૮ના રોજ ૨૮ સપ્ટેમ્બરના રોજ વિધાનસભાનું ટુંકુ ક્ષત્ર મળી ગયું છે એ વિશે બેઠકમાં ચર્ચા-વિચારણા કરવામાં આવનાર છે. કાર્યકારી અધ્યક્ષ દુષ્યંત પટેલના અધ્યક્ષ સ્થાને આજે બેઠક મળી રહી છે જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી પણ ખાસ હાજરી આપશે.(૨.૧૧)

### ભારતમાં દર ૭૦ મીનીટે પકડાય છે નસીલા પદાર્થોનો જથ્થો

ત્રણ લાખ ૭ હજાર કિલોથી વધુ વિવિધ પ્રકારના કેફી પદાર્થોનો જંગી જથ્થો બદલાઇ ચુકયો છે. હવે આ નસીલા પદાર્થોના જંગી જથ્થાનો નાસ કઇ રીતે કરવો તેની મોટી સમસ્યા ઉભી થઇ છે. એનસીપીને એવી શંકા છે કે, જેટલો જથ્થો પકડાયો છે તેનાથી અનેક ગણો વધુ નસીલા પદાર્થોનો જથ્થો દેશમાં ઘુસાડી દેવામાં આવ્યો હોય તેવું બની શકે છે. કોરોના કાળમાં ડ્રગ્સ માફિયાઓ વધુમાં વધુ સક્રિય બન્યા હતા તેવું તપાસમાં બહાર આવ્યું છે. ડ્રગ્સ માફિયાઓ ૧૫ થી ૩૦ વર્ષની વયના યુવાનોને નિસાન બનાવે છે અને વ્યસનના ગુલામ બનાવી દેવામાં આવે છે. શાળાના વિદ્યાર્થીઓને પણ નિસાન બનાવવામાં આવી રહયા છે.(૨.૧૧)

### લે કર વાત! હેરકટીંગમાં ગરબડ થતા મોડેલને રૂ. ૨ કરોડનું વળતર

કરી હતી. પંચનાં વડા આર.કે.અગ્રવાલ અને સભ્ય ડો.એસ.એમ.કાનીટકરની બેંચે મોડેલને રૂ. ૨ કરોડનું વળતર આપવા લક્ઝરી હોટેલનાં સલુનને આદેશ આપ્યો હતો. પંચે ચુકાદામાં ટકોર કરી હતી કે, દરેક મહિલા માટે તેના વાળનું ખૂબ જ મહત્વ હોય છે. પોતાના વાળની માવજત અને સંભાળ માટે દરેક મહિલા ખૂબ જ સંવેદનશીલ હોય. મોડેલીંગ કરતી આ મહિલાને લાંબા વાળને કારણે જ કોન્ટ્રાકટ મળતા હતા પણ ખરાબ કટીંગને કારણે મોડેલને જંગી નુકસાન થયું છે અને તેના સપના પર પાણી ફરી વળ્યું છે.(૨.૧૨)

### દિલ્હીની કોર્ટમાં અંધાધુંધ ગોળીબાર, ગેંગસ્ટર સહિત ચારનાં મોત

થઇ ગઇ હતી. એટલે તક જોઇને હરીફ ગેંગે કોર્ટ પરીષરમાં ગોળીઓની રમઝટ બોલાવીને પોલીસની હાજરીમાં ગોગીનું કાટલુ કાઢી નાખ્યું હતું. દેશની રાજધાનીના સુરક્ષીત ગણાતા વિસ્તારમાં અદાલતની અંદર ધુસી જતા ગેંગસ્ટરોએ બેફામ ગોળીબાર કર્યાની ઘટનાએ દિલ્હી પોલીસની છબીને ખુબ જ કલંકીત કરી નાખી છે. પોલીસે હુમલાખોર હરીફ ગેંગના હત્યારાઓને જીવતા પકડવાને બદલે ઠાર માર્યા એ વિશે પણ ભારે શંકા, કુશંકાઓનું હવામાન સર્જાયું છે અને જાતજાતના તર્ક વિતર્કની ચર્ચા થઇ રહી છે.

### મહારાષ્ટ્રમાં મહિલા પોલીસ કર્મીઓના કામના કલાકોમાં ઘટાડો

માનસીક તનાવ અને ડીપરેશનનો શિકાર થઇ રહયો હોવાની રાજયના ગૃહ ખાતા સમક્ષ અગાઉ અવાર નવાર રજૂઆતો કરવામાં આવી હતી. મહિલા પોલીસ કર્મીઓને એમના સંતાનો માટે અને પરીવારો માટે વધુ સમય મળી રહે અને કામનું ભારણ વધી ન જાય એ માટે રાજય સરકારે એમના કામના કલાકોમાં ઘટાડો કરી દીધો છે. ઠાકરે સરકારના નિર્ણયને મહિલા પોલીસ કર્મીઓના યુનીયને વધાવી લીધો છે.(૨.૧૧)

### કેબીનેટ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીને રજૂઆત કરતા ચેતન રામાણી

# મહેસુલ સહિતના પ્રશ્નો 'ઓન ધ સ્પોટ' હલ કરવા માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

પ્રદેશ ભાજપ અગ્રણી ચેતન રામાણીએ મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી સરકારના ગુજરાતના નવનિયુક્ત મંત્રીઓની નિમણુંક કરવામાં આવી તેવા તમામ મંત્રીઓની રૂબરૂ મુલાકાત કરી હતી. રાજેન્દ્રભાઇ ત્રિવેદીની (કેબિનેટકક્ષા- મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, કાયદા તેમજ ન્યાયતંત્ર) નિયુકત થતા અભિનંદન પાઠવ્યા હતા. અને મહેસૂલ વિભાગને એક અલગ ઉંચાઇ પર પહોંચાડી નાનામા નાના ખેડૂતો-વેપારીઓ તેમજ સર્વે લોકોના અટકતા મહેસૂલોના કામને વેગ આપવા રજૂઆત કરી હતી. જેથી વર્ષો જૂના પ્રજાજનોના



કેબીનેટ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીને પ્રદેશ ભાજપ અગ્રણી ચેતન રામાણીએ લોકપ્રશ્નોની રજૂઆત કરતા તસ્વીરમાં નજરે પડે છે.

અટકતા કામો જેવા ખાસ કરીને બિનખેતી આકાર, જમીન મહેસૂલ, હક્કપત્રક નોંધોના નિકાલની કામગીરીમાં પડતી મૂશ્કેલીઓને પ્રાથમીકતા આપવી તેમજ મહેસૂલ અધિકારીઓને ગ્રામ સભામાં રજૂ થયેલ પ્રશ્નોના નિકાલમાં અને પંચાયતને સુપરત થયેલ મહેસૂલી પ્રવૃતીઓ માટે અસરકારક ભૂમિકા ભજાવવી જોઇએ તેમજ ઇ- ગવરનન્સ હેઠળ તાલીમ, સીવીક સેન્ટર, લોક દરબારમાં રજૂ થયેલ પ્રશ્નો, નાગરિક અધિકારપત્રનો સાચા અર્થમાં અમલ થાય તેમજ અન્ય ડિજિટલ પ્લેટફોર્મના સર્વર ડાઉન થતા જનતાની કેટલી કલાકોથી કેટ કેટલા દિવસો વેડફાતા હોઇ છે. તેથી યોગ્ય ટેકનીશયન પૂરપાટ ઝડપે તેનું નિરાકરણ કરી ઇ- ધરા, લેન્ડ રેકર્ડ કોમ્પ્યુટરાઇઝેશન, રેવેન્યુ પ્રમોલગેશન જેવા મહત્વના કાર્યોને વેગ આપે તે જરૂરી છે. તેવો અનુરોશ કર્યો છે.(૧.૧૨)

# ગૌ હત્યા પ્રતિબંધના કાયદાઓને સમગ્ર ભારતમાં અમલ કરાવવા રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

ગાય ભારતની સંસ્કૃતિ છે. તેની રક્ષા કરવી દરેક નાગરિકનો ધર્મ છે. ગાયની હત્યા અથવા તેને કોઈપણ પ્રકારનું નુકસાન પહોંચાડવું એ દંડનીય અપરાધ છે. ઉપરાંત ગૌ હત્યા પર પ્રતિબંધ હોવા છતાં ગેરકાનૂની ગૌહત્યાના ઘણા કિસ્સાઓ સામે આવે છે. આ મુદ્દાને ધ્યાનમાં લઈને સમગ્ર ભારતમાં ગૌ હત્યા અટકાવવા એનિમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી દ્વારા ભારત દેશના દરેક સાંસદોને પત્ર લખીને ગૌ હત્યા પ્રતિબંધના કાયદાને કડક બનાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. આ પત્રમાં મિતલ ખેતાણી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ગૌ રક્ષા એ હિન્દુઓનો મૌલિક અધિકાર છે અને દરેક નાગરિકની ફરજ



## એનિમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી દ્વારા દેશના તમામ સાંસદોને લેખિત રજૂઆત

છે કે તે ગાયોનું રક્ષણ અને તેનું સમ્માન કરે. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, ભારતીય શાસ્ત્રો, પુરાણો, ધર્મગ્રંથોમાં પણ ગાયનું મહત્વ વિસ્તારથી દર્શાવાયું છે. વિભિન્ન ધર્મો, શાશકો તેમજ નેતાઓ દ્વારા ગૌ રક્ષાની વાત કરવામાં આવી હતી. ભૂતકાળમાં પણ ઘણા મુસ્લિમ શાશકો દ્વારા ગૌ હત્યા પર પ્રતિબંધ લગાડવામાં આવ્યો હતો. જેથી ગાયને કોઈ ધર્મ સાથે ન જોડવા વિનંતી કરવામાં આવી છે. આ ઉપરાંત ભારતના સંવિધાનનાં અનુચ્છેદ ૪૮ માં ગાયનું સવર્ધન અને સંરક્ષણ અંગે જણાવાયું છે.ભારત દેશના ૨૯ રાજ્યોમાંથી ૨૪ રાજ્યોમાં ગૌ હત્યા પર પ્રતિબંધ છે છતાં ગૌ હત્યાના કિસ્સાઓમાં કોઈ ઘટાડો નોંધાયેલ નથી. હાલમાં જ અલ્લાહાબાદ હાઇકોર્ટ દ્વારા ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવી છે, જેને ટાંકીને આ પત્રમાં વિનંતી કરવામાં આવી છે કે, સંવિધાનનાં અનુચ્છેદ ૪૮ અને ૫૧ (એ) અંતર્ગત ગાયોને વિવિધ અસ્તિત્વ અને સંરક્ષણના હેતુથી સરકાર ગાયને રાષ્ટ્રીય માતા જાહેર કરે. આ હેતુથી ભારત દેશના તમામ સાંસદોને પત્ર દ્વારા ગાયના રક્ષણ અને સવર્ધનનો મુદ્દો પાર્લામેન્ટમાં લાવવા અનુરોધ મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯) દ્વારા કરાયો છે.(૭.૧૬)

### રાજકોટની સામાજિક સંસ્થા રાઉન્ડ ટેબલ ૩૩૪ દ્વારા

# જરૂરીયાતમંદ પરિવારને ફૂડપેકેટ અને જીવન જરૂરીયાત વસ્તુઓનું વિતરણ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

રાજકોટની સામાજીક સંસ્થા રાજકોટ રાઉન્ડ ટેબલ ૩૩૪ દ્વારા તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં તથા સ્લમ વિસ્તારોમાં ભારે નુકશાન થવા પામ્યું હતું. જેને લઈને રાજકોટ રાઉન્ડ ટેબલ ૩૩૪ દ્વારા સ્લમ વિસ્તારમાં જઈને ત્યાંના સ્થાનિકો ને મળીને પરિસ્થિતિનો તાગ મેળવી જરૂરીયાતમંદ લોકોને ફૂડ પેકેટ અને જીવન જરૂરીયાત વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજકોટ રાઉન્ડ ટેબલ-૩૩૪ સંસ્થાના ચેરમેન વિક્રમ લાલવણી અને ગુજરાતના વાઇસ ચેરમેન અજય વધ્યા તથા તેમની સમગ્ર ટીમએ જહેમત ઉઠાવી હતી.(૭.૧૬)

### આવતીકાલે પંડિત દીનદયાલ ઉપાધ્યાજી જન્મજયંતી અંતર્ગત

# શહેરના વોર્ડના તમામ બુથોમાં પુષ્પાંજલી અર્પણ કરાશે



**પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પંડિતજીના જીવન-કવન અંગે વકતવ્ય આપશે**

**સવારે ૯ કલાકે આજી ડેમ, પંડિત દીનદયાલજીની પ્રતિમા ખાતે ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરતા કમલેશ મિરાણી**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

આવતીકાલે તા.૨૫ ના રોજ જનસંઘના સ્થાપક પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીનો જન્મદિવસ છે. શહેર ભાજપ દ્વારા આવતીકાલે તા.૨૫ શનીવાર સવારે ૯ કલાકે આજી ડેમ ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવશે. પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા પં. દીનદયાલ ઉપાધ્યાયજીના જીવન-કવન અંગે વકતવ્ય આપશે. તેમજ ત્યારબાદ સવારે ૧૦ કલાકે શહેરના વોર્ડના તમામ બુથોમાં પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીના ફોટાને પુષ્પાંજલી કરવામાં આવશે તો આ કાર્યક્રમમાં શહેર ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરે જાહેર અનુરોધ ક્યોં છે.(૧.૧૬)

### કેતન પારેખને ઓપરેશન ખર્ચ ૧૩ લાખ થતો હતો

# મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ૪ લાખથી વધુનો ચેક અર્પણ કરતા ધારાસભ્ય ગોવિંદ પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે 'માં' કાર્ડ અને આયુષ્માન કાર્ડ મારફતે આરોગ્ય ક્ષેત્રે મોટી રાહત આપવાનું કાર્ય કેન્દ્રની મોદી સરકારે અને રાજ્યની ભાજપ સરકારે કરેલ છે જેનો લાભ લાખો દર્દીઓને મળી રહેલ છે કેટલાક કિસ્સામાં 'માં' કાર્ડ કે આયુષ્માન કાર્ડમાં આપેલ રકમ મર્યાદાથી વધારે થતી હોય અને કુટુંબ આર્થિક રીતે નબળું હોય તેવા સંજોગોમાં તેમને મુખ્યમંત્રી રાહત ફંડ અને પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી રકમ ખાસ



કિસ્સામાં મળતી હોય છે. આવોજ ખાસ કિસ્સો પ્રહલાદ પ્લોટમાં રહેતા કેતનભાઈ પારેખ કે જેનો ઓપરેશન ખર્ચ ૧૩ લાખ જેવો હતો અને તેની પાસે કોઈ જ સગવડ ન હતી. તેથી તેની આવકને ધ્યાને લઈને ૫૦ % રાહત આપવામાં આવી અને બાકીની રકમ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ૪,૩૩,૦૦૦ નો ચેક આપવામાં આવેલ જે ચેક અર્પણ કરતા ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, પુનિતાબેન પારેખ અને મામલતદાર દક્ષિણ દંગી પણ આ કિસ્સામાં મદદરૂપ થયેલ જે ચેક અર્પણ કરતા જણાય છે.(૧.૧૬)

# ઈવનિંગ પોસ્ટના સિનિયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાશે

**અને રવિવારે જૂના અને યાદગાર ગીતો શનિ ઉપર રજુ કરવામાં આવશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટમાં આવતીકાલે ૫:૩૦ કલાકે મુકેશ ફ્રેન્ડ કલબ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ રવીવાર સાંજે ૫.૩૦ કલાકે મધુર ગીતોનું કમલેશભાઈ ભાદરીયા દ્વારા આયોજિત એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના તેમજ યાદગાર ગીતો કરાઓકેના ઉપર રજુ કરવામાં આવશે.

તો તમામ સરગમ કલબના ઇવનિંગ પોસ્ટના સભ્યોએ જેને ગયા વર્ષે ફી ભરેલ છે. તમામ ને આઈ કાર્ડ પણ મોકલેલ છે, તો આઈ કાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના ઉપર પ્રવેશ મળશે. સરકારના ગાઈડલાઈન મુજબ અમલ કરવાનો રહેશે. તમામ સભ્યોએ ફરજીયાત માસ્ક પહેરીને આવવાનું રહેશે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઇવનિંગ પોસ્ટના ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, મનસુખભાઈ વાવેચા (મુકેશ ફ્રેન્ડ કલબ) અને કમલેશભાઈ કે. ભાદરીયા જહેમત ઉઠાવી રહ્યા છે.(૭.૧૬)

## જય વેલનાથ કલબ ગુજરાતના ફાઉન્ડર રવિ જાખેલીયાનો આજે જન્મદિવસ



જય વેલનાથ કલબ ગુજરાતનાં ફાઉન્ડર, સંત વેલનાથ સમૂહ લગ્ન સમિતિ રાજકોટનાં ઉપપ્રમુખ અને રાજકોટ શહેર ભાજપના અગ્રણી રવિ જાખેલીયાનો આજે જન્મદિવસ છે. તેમના ૩૦ વર્ષ પૂર્ણ થયા અને ૩૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓ અનેક સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેમના પરિવારજનો, સગા-સંબંધીઓ, મિત્રવર્તુળ તેમના મો.નં. ૯૯૦૯૮૯૩૭૯૩ પર જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી રવિ જાખેલીયાને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

## જનસેવા ટ્રસ્ટના પ્રમુખ અજયભાઈ વખારીયાનો આજે જન્મદિવસ



જનસેવા ટ્રસ્ટના પ્રમુખ અજયભાઈ વખારીયાનો આજે જન્મદિવસ છે. તેઓ વખારીયા પ્રિન્ટિંગ પ્રેસનો વ્યવસાય ધરાવે છે. તેમજ જનસેવા ટ્રસ્ટ દ્વારા ગરીબ દર્દીઓને મેડીકલને લગતી સહાયતા પૂરી પાડવામાં આવી રહી છે. તેમજ બ્લડ ડોનેશન કેમ્પ અને શિયાળામાં ધાબળા પણ વિતરણ કરવામાં આવે છે. છેલ્લા ૧૧ વર્ષથી જરૂરીયાતમંદને ઉપયોગી થઈ રહ્યા છે. તેમજ રાજકોટ જૈન વાત્સલય જ્ઞાનવર્ધક મહાસંઘ જૈનોના કુટુંબોને શૈક્ષણિક ક્ષેત્રે મદદ કરે છે તેમાં પણ કાર્યરત છે. તેમના પરિવારજનો, સગા-સ્નેહીઓ, મિત્રવર્તુળ જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી અજયભાઈ વખારીયાને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

## રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના મહામંત્રી ધવલ રાવલનો આજે જન્મદિવસ



રાષ્ટ્રીવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના મહામંત્રી અને રાજકોટ મહાનગરપાલિકાનાં વોર્ડ નં.૩ માંથી ચૂંટણી લડી ચુકેલા ધવલભાઈ રાવલનો આજે ૨૭ મો જન્મદિવસ છે. ભૂતકાળમાં ધવલભાઈ રાવલ પૂર્વ કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, માજી સાંસદ રામજીભાઈ માવાણીનાં કાર્યાલય મંત્રીની જવાબદારી નિભાવી હતી. હાલમાં ગોવર્ધન સેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. તેમના પરિવારજનો, સગા-સ્નેહીઓ, મિત્રવર્તુળો જન્મદિવસની શુભકામના મો. ૯૭૨૩૬૫૧૯૧૮ પર પાઠવી રહ્યા છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી ધવલ રાવલને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

### વોર્ડ નં.૭ માં બાબરીયા કોલોની ખાતે

# પેવીંગ બ્લોકના કામનો પ્રારંભ કરાવતા કોર્પોરેટર કિર્તીબા રાણા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૭ ભાજપના કોર્પોરેટરો દ્વારા અનેકવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવેલ છે ત્યારે વોર્ડના કોર્પોરેટર કિર્તીબા રાણાની ગ્રાન્ટમાંથી વોર્ડમાં આવેલ બાબરીયા કોલોની મેઈન રોડ શેરી નં.૩ માં પેવીંગ બ્લોક કામનો પ્રારંભ ક્રિર્તીબા રાણાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ તકે વિનુભાઈ ઘવા, રવજીભાઈ મકવાણા,અનીતાબેન ગોસ્વામી, જયંતીભાઈ નોંધણવદરા, યોગેશ ભટ્ટ, ગૌતમ ગોસ્વામી, વીઠ્ઠલભાઈ અભંગી, ચંદુભાઈ ગરનારા, રમેશ રામાણી, જે.ડી. ભાઈ સહિતના સાથે લતાવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.(૭.૧૬)

# રાષ્ટ્રસંત નમ્રમુનિ મ.સા.ના ૫૧માં જન્મદિવસ નિમિતે મહા માનવતા મહોત્સવ ઉજવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

જેમનું અવતરણ હજારો હૃદયમાં માનવતાનો જન્મ કરાવી, માનવતાની મહેક સંપૂર્ણ વિશ્વમાં પ્રસરાવી રહ્યું છે, એવા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના ૫૧માં અવતરણ અવસરે આયોજિત સપ્ત દિવસીય માનવતા મહોત્સવના અંતિમ ચરણ સ્વરૂપ મહા માનવતા મહોત્સવ રવિવારના દિવસે, સવારે ૮:૩૦ કલાકે નગર નગરમા માનવતા અને જીવદયાના અનેકવિધ કાર્યો સાથે ઉજવાશે.

પરમ ગુરુદેવના અવતરણ દિને બ્રહ્મનાદે કરાવવામાં આવતી મહાપ્રભાવક ઉવસગ્ગહર સ્તોત્રની સિદ્ધિદાયિની જપ સાધના કરાવવામાં આવશે. પરમ ગુરુદેવના નાભિનાદથી પ્રગટતા દિવ્ય મંત્રધ્વનિ સાથે આ જપ સાધના ત્રણ તબક્કામાં કરાવીને સહુને પ્રભુ ભક્તિની અલૌકિક અનુભુતીમા જોડી દેવામાં આવશે. પરમ ગુરુદેવના રોમ રોમમાં જયારે સર્વ જીવો પ્રત્યે કરૂણા, માનવતા અને વાત્સલ્યની ધારા વહી રહી છે ત્યારે આ મહોત્સવ પણ નગર નગરમા માનવતા અને જીવદયાના અનેક સત્કાર્યો સાથે ઉજવાશે. હજારો અબોલ પશુ પંખીઓ, અનેક પાંજરાપોળો, ગૌશાળાઓ, અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો




અને જરૂરિયાતમંદ ભાવિકોને શાતા-સમાધિ આપવા અર્થે આ અવસરે ઉદાર હૃદયા દાનવીર ભાવિકો મન મૂકીને અનુદાનની વર્ષા વરસાવી માનવતાની સુવાસ પ્રસરાવશે.

છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલા માનવતા મહોત્સવ અંતર્ગત મુંબઈ, મહારાષ્ટ્ર, વિદર્ભ, ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તર ભારત, પૂર્વ ભારત, દક્ષિણ ભારતના અનેક ક્ષેત્રોમાં રિલાયન્સના ઉપક્રમે અંબાણી પરિવારના સહયોગે અનંત અર્હમ આહાર અંતર્ગત ૫૧,૦૦૦ ગરીબોને અન્નદાન, ભુખ્યાને ભોજન, તરસ્યાને પાણી, પંખીઓને દાણા-પાણી, પશુઓને ઘાસચારો, બિમારને દવા, મૃત્યુના મુખમાં જઈ રહેલા હજારો જીવોને અભયદાન, મુકિતના દાન, ગરીબ બાળકોને જ્ઞાન દાન, આદિ અનેક પ્રકારના કાર્યો દ્વારા હજારો-લાખો જીવને શાતા સમાધિ આપીને એમની આંખોના આંસુ લૂછવામાં આવી રહ્યા છે ત્યારે આવનારા રવિવારે આયોજિત મહા માનવતા મહોત્સવમાં માનવતાની મીઠી મીઠી મહેકને માણવા અને નિહાળવા સમગ્ર વિશ્વના ભાવિકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. સમગ્ર કાર્યક્રમ પરમધામ સાધના સંકુલના પાવન પ્રાંગણથી સવારના ૮:૩૦ કલાકથી લાઈવના માધ્યમે પ્રસારિત કરવામાં આવશે. માનવતા મહોત્સવ- માનવતાની પહેલના આ આયોજનમાં સર્વ ભાવિકોને જોડાઈ જવા ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.(૭.૧૬)

### પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ૪૫૦ આવાસોનું નવનિર્માણ કરાયું

# લાભાર્થીને આવાસ બનાવવા ૧.૨૦ લાખની સહાય

**પ્લોટ વિહોણા લાભાર્થીઓને મફત પ્લોટની કરાતી ફાળવણી**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત કાચું આવાસ ધરાવતા ઘર વિહોણા લાભાર્થીઓને આવાસ બનાવવા સહાય ચૂકવવામાં આવે છે. જે અન્વયે સરકારની રૂ.૬૭૧.૪૦ લાખની સહાયથી ૪૫૦ આવાસોનું નવનિર્માણ કરી આ વર્ષમાં જેતપુર ખાતે લોકાર્પણ કરાયુ હતું. જેમાં ૨૫૦ લાભાર્થીઓને લાભ અપાયો હતો.

આવાસ બનાવવા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રૂ. ૧.૨૦ લાખ ચૂકવવામાં આવે છે. પ્લોટ વિહોણા લાભાર્થીઓને મફત પ્લોટ ફાળવણી કરવામાં આવે છે. મનરેગા યોજના દ્વારા ૯૦ દિવસની રોજગારી પેટે મહત્તમ રૂ. ૨૦૬૧૦ ચૂકવવામાં આવે છે. સ્વચ્છ ભારત મિશન યોજના અન્વયે રૂ. ૧૨ હજાર આપવામાં આવે છે. જે લાભાર્થીઓ દ્વારા આવાસનું બાંધકામ ૧૮૦ દિવસમાં પૂર્ણ કરે તેવા લાભાર્થીઓને મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના હેઠળ રૂ.૨૦ હજારની સહાય (વધારાની સહાય) લાભાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે આપવામાં આવે છે. તેમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, રાજકોટની યાદીમાં જણાવાયુ છે.(૧.૧૬)

### ડાંગ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં બહાલી મળેલ કામો બાબતે

# જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષને વાંકું પડતા જિલ્લા પંચાયતમાં ખળભળાટ

**આગામી દિવસોમાં ડાંગ જિલ્લાના રાજકારણમાં મોટો ભૂકંપ સર્જાવાની ચર્ચા**

(બાપુ મહાલા દ્વારા)

ડાંગ, તા.૨૪

ડાંગ જિલ્લા પંચાયતનાં ૧૫માં નાણાપંચ હેઠળનાં કામોની ગ્રાંટને બહાલી આપવા માટે જિલ્લા વિકાસ અધિકારી ડો વિપીન ગર્ગ અને ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ મંગળભાઈ ગાવીતનાં અધ્યક્ષ સ્થાને જિલ્લા સદસ્યોની ઉપસ્થિતમાં ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. સામાન્ય સભામાં ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ મંગળભાઈ ગાવીત દ્વારા પોતાની શૈક્ષણિક સંસ્થાઓ અને લાગતા વળગતાઓને કામોની ગ્રાંટ ફાળવણીની બહાલી આપી હોવાનો આક્ષેપ ડાંગ જિલ્લા પંચાયતનાં વઘઇ જિલ્લા સીટનાં સદસ્ય હરીશભાઈ બચ્છાવે કર્યો હતો. ભાજપાનાં જિલ્લા સદસ્ય દ્વારા ફરીથી કામોની ફેર ચર્ચા કરી બહાલી આપવા બાબતે ડાંગ જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં ફરિયાદ કરી હતી.તેવામાં ડાંગ જિલ્લા પંચાયતનાં કારોબારી અધ્યક્ષ વિજયભાઈ ચૌધરીને પણ ખાસ સામાન્ય સભામાં થયેલ કામોની બહાલી બાબતે વાંકુ પડતા જિલ્લા પંચાયત વર્તુળમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ડાંગ જિલ્લા પંચાયતનાં કારોબારી અધ્યક્ષ વિજયભાઈ ચૌધરી દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં જણાવ્યુ છે કે બુધવારે ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ મંગળભાઈ ગાવીતનાં અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયતનાં સભાખંડમાં મળેલ સામાન્ય સભા ૧૫માં નાણાપંચનાં કામોની બહાલી માટે બોલાવેલ હતી.જેમાં ૧૫માં નાણાપંચની જોગવાઈ મુજબ કામોની યાદી મુકવામાં આવેલ નથી.પરંતુ જે યાદી પંચાયતી ધારાનાં જોગવાઈ મુજબ પ્રથમ કારોબારી સમિતિમાં બહાલી લેવાની થાય છે.પરંતુ અહી પ્રમુખ દ્વારા આ કામોની યાદીને જાણ બહાર સીધી જ રીતે પ્રસિદ્ધ કરવામાં આવી છે અને જે યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે તે યાદી જિલ્લા સદસ્યોઓ આપેલ યાદી કરતા વિપરીત છે.જેથી જે યાદી સામાન્ય સભામાં પ્રસિદ્ધ થઈ તે યાદીનાં કામોને રદ કરી ફરીથી સદસ્યો સાથે ફેર વિચારણા કરી કારોબારીમાં બહાલી માટે મૂકી નવેસરથી સામાન્ય સભા બોલાવવાની રજૂઆત કરતા જિલ્લા પંચાયત વર્તુળમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ડાંગ જિલ્લા પંચાયતમાં કામો બાબતે એક પછી એક મળીને ભાજપાનાં સદસ્યો દ્વારા જ આક્ષેપબાજી કરી ભડકો કરતા જિલ્લા પંચાયતની કાર્યશૈલી પર અનેક સવાલો ઉભા થયા છે.

જિલ્લા પંચાયતમાં મળી રહેલ નિષ્પક્ષતા વાળી સામાન્ય સભાઓમાં પ્રમુખ અને જિલ્લા સદસ્યોનાં સંકલનનાં અભાવે સ્વવિકાસ માટે બહાલી મળેલ વિકાસકીય કામોનાં પગલે અગામી દિવસોમાં રાજકીય ભૂકંપ સર્જાશેનું હાલમાં અમુક અગ્રણીઓના મુખે સાંભળવા મળી રહ્યુ છે.(૭.૧૬)

## અઢીથી ત્રણ ગણી જંત્રીની રકમ વસુલ કરી

# રાજકોટ ગ્રામ્યના સરકારી ખરાબામાં થયેલા દબાણો રેગ્યુલાઈઝ કરવા રજૂઆત



રાજયના નવનિયુકત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નવા મંત્રીમંડળની રચના થઈ છે ત્યારે રાજયના નવનિયુકત કેબીનેટ મંત્રીઓ તથા રાજયકક્ષાના મંત્રીઓ સાથે રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદર, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ ગ્રામ્યના ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયાની ઉપસ્થિતિમાં શુભેચ્છા મુલાકાત લીધી હતી, અને નવનિયુકત મંત્રીઓને અભિનંદન પાઠવ્યા હતા.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદર દ્વારા મુખ્યમંત્રી તથા મંત્રીઓને રાજકોટ જિલ્લાના વિવિધ ગામોને માળખાકીય તથા આંતર માળખાકીય સુવિધા અંતર્ગત તથા વિવિધ વિકાસકાર્યોને વેગ મળે તેવા શુભ આશયથી રજૂઆતો કરવામાં આવેલ હતી. આ તકે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરતા જણાવેલ કે જે કિસ્સામાં રાજકોટ જિલ્લાના ચેકડેમની માલીકી નકકી થતી ન હોય તેવા કિસ્સામાં ચેકડેમની મરામતની કામગીરી કરવાની જિલ્લા પંચાયતના સ્વભંડોળ તેમજ સરકારની અન્ય ગ્રાન્ટમાંથી ખર્ચ કરવા યુનીટ રેટના ભાવો મંજુર કરવા અંગે સરકારમાં મંજુરી મેળવવા અંગે

### ગ્રામ્ય વિસ્તારના રસ્તાની મરામત, નવા રસ્તા માટે ૩૭૨૫ લાખની ગ્રાન્ટ ફાળવવા સહિતના વિકાસ કામોની રજૂઆત કરતા ભુપત બોદર

તેમજ આવા ચેકડેમ તાત્કાલીક રિપેરિંગ કરવામાં વિલંબ ન થાય તેમજ જળસંચયમાં વધારો થાય તથા લાભ મળી રહે તે માટે રજૂઆત કરી હતી.

કેબીનેટ મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીને રજૂઆત કરતા ભૂપતભાઈ બોદરે રાજકોટ જિલ્લા પંચાયતના વિવિધ યોજનાકીય કામો સંબધિત વિભાગોમાં કરેલ દરખાસ્તો મંજુર થવા બાબતની રજૂઆતો કરેલ હતી. ગ્રામ્ય વિસ્તારમાં ઘણા દબાણો થતા હોય સરકાર આ ગામતળને દબાણકર્તાઓ પાસેથી અઢી થી ત્રણ ગણી જંત્રીની રકમ જે રીતે સીટી વિસ્તારમાં સૂચિત વિસ્તારોમાં ઈમ્પેકટ ફી વસુલી રેગ્યુલરાઈઝ કરી આપે છે તે રીતે રકમ નકકી કરી કાયદેસર કરી આપે તો સરકારને મહેસુલ તેમજ જંત્રીની માતબર આવક થાય.

તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી ખરાબાઓમાં ગ્રામજનો દ્વારા દબાણ કરવામાં આવતા હોય, આ પ્રશ્ને ગ્રામપંચાયત તથા મામલતદારની કચેરી દ્વારા વારવાંર કાર્યવાહી કરવી પડતી હોય આ ખરાબાઓ દબાણકર્તાઓને જમીનની મર્યાદા નકકી કરીને અઢીથી ત્રણ ગણી જંત્રીની રકમ વસુલ કરી રેગ્યુલરાઈઝ કરી આપવામાં આવે તો સરકારને પણ આર્થિક આવક થાય તેમજ દબાણનો પ્રશ્ન કાયમી રીતે હલ થાય તે માટે વિસ્તૃત રજુઆત કરવામાં આવેલ હતી.

પૂર્ણેશભાઈ મોદીને રજૂઆતમાં જણાવ્યું હતું કે રાજકોટના ગ્રામ વિસ્તારના રોડ - રસ્તાની મરામત- સમારકામ - નવા રસ્તા માટે રૂા. ૩૭૨૫ લાખના કામો અંગે ગ્રાન્ટ ફાળવવા વિસ્તૃત રજૂઆત કરી હતી.

આ તકે રાજકોટ જિલ્લાના ૩૪૦ ગામોમાં ૩૪ પશુ દવાખાના ફાળવવા અંગે રાઘવજીભાઈ પટેલને રજૂઆત કરેલ હતી.

રાજકોટ જિલ્લા પંચાયતનું રૂા.૨૯.૪૦ કરોડના ખર્ચે નવુ જિલ્લા પંચાયત ભવન બનાવવા અંગે ભુપતભાઈ બોદર ધ્વારા રજૂઆત કરાઈ હતી. ગ્રામીણ મહિલાઓને આર્થિક રીતે પગભર થવાના ઉમદા હેતુ માટે પ્રોત્સાહન પુરૂ પાડવા રાજકોટ ખાતે રાષ્ટ્રીય પસરસ મેળાની મંજુરી માટે વિસ્તારપૂર્વક રજૂઆત કરેલ હતી.

મંત્રી અરવીંદભાઈ રૈયાણીને રજૂઆત કરાઈ હતી કે, રાજકોટ તાલુકાના જુદા- જુદા ગામોના નવા એસ.ટી. બસના રૂટ ચાલુ કરવા માટે તેમજ કુવાડવા ખાતે નવું બસ સ્ટેન્ડ મંજુર કરવા અંગે વિગતવાર રજૂઆત કરી હોવાનું જણાવ્યું છે.(૧.૧૬)

## રાજકોટ તાલુકાના જુદા-જુદા ગામોમાં બસના રૂટ ચાલુ કરવા, કુવાડવા ખાતે નવું બસ સ્ટેન્ડ મંજૂર કરવા રજૂઆત

### ગુજરાત રાજયના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું આપવા પરિપત્ર બહાર પાડવા

## ચોથા વર્ગ કર્મચારી એકતા મંડળ દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

ગુજરાત રાજયનાં કર્મચારીઓને મોંઘવારી ભથ્થું આપવા કરેલ જાહેરાતને અમલી કરતો પરિપત્ર વહેલાસર બહાર પાડવા બાબતે ચોથા વર્ગ કર્મચારી એકતા મંડળ દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. લેખિત રજૂઆતમાં જણાવ્યું કે, ગુજરાત રાજયના કર્મચારીઓને તેમની મહેનતનું ફળ વહેલાસર મળી રહેશે. તેમને પડતી મુશ્કેલીઓનો વહેલાસર હલ કરવામાં આવશે તો કર્મચારીઓની વ્યાજબી માંગણીઓને પૂરી કરવા પ્રયત્નશીલ રહેશો.

દેશમાં કોરોનાના કારણે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થુ સ્થગિત કરેલ તે સ્થગિત કરેલ મોંઘવારી તાજેતરમાં જ તે સમયના મુખ્યમંત્રીએ આપવા પાત્ર ૧૧% મોંઘવારી ભથ્થુ રાજય સરકારના કર્મચારીઓને આપવાની જાહેરાત કરેલ. આ જાહેરાતના અનુસંધાને હજુ તેનો પરિપત્ર બહાર પાડવામાં આવેલ નથી.

મોંઘવારી ભથ્થુ અપાવા અંગેની જાહેરાતને વહેલાસર અમલી કરાવવામાં આવે તેવો પરિપત્ર બહાર પાડવામાં આવે તેવી રજૂઆત કરાઈ.(૭.૧૨)

## સંભારણા

### શિવ નરેશ

તમને થશે આ વળી કેવું મથાળું! ધાર્મિક લેખ હશે કે શું?

ઓલિમ્પિક ગેમ્સમાં આપણે જીતેલા મેડલ્સ અને તેનો આનંદ, હારવાથી થયેલી નિરાશા, કોઈ ખેલાડીએ ડ્રગ્સ લીધું તેથી મેડલ પાછું લઈ લેવામાં આવ્યું, સાધારણ ઘરમાં મોટા થયેલા રમતવીરો, તેમની ચડતી-પડતી, વેઠેલી તકલીફ બધું જ જોયું ને જાણ્યું. આ બધાની સાથે આપણા ખેલાડીઓએ પહેરેલા સંપૂર્ણ સ્વદેશી બ્રાન્ડના સ્પોટ્ર્સ વેર એ બધાનું લક્ષ્ય વેધ્યું છે.




લેખિકાઃ પુનમ -મુંબઈ.

શિવ નરેશ જેવા ભારે ઉપનામ સાથેના સ્પોટ્ર્સ વેરનો ઉપયોગ આપણા રમતવીરોએ ટોકિયોની દરેક રમતમાં કર્યો છે પછી તે હોકી હોય કે કુસ્તી, વેઈટલિફ્ટિંગ હોય કે બોકિસંગ.. આમ જોવા જાવ તો આપણા દેશમાં ક્રિકેટ સિવાયની બીજી બધી રમતમાં શિવ નરેશ બ્રાન્ડના કપડાં પહેરાય છે એવું કંપનીના સંસ્થાપકનું કહેવું છે.

શિવ નરેશના માલિક અને સંસ્થાપક છે આર કે સિંહ. તે પોતે એક દોડવીર હતા. સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પોટ્ર્સ વેર લેવા તેમને દિલ્હીથી છેક પટિયાલા જવું પડ્યું. આવા બધા બીજા ઘણા અનુભવને લઈને તેઓએ એક ઉત્તમ સ્પોટ્ર્સ વેર કંપની બનાવવાનું નક્કી કર્યું. ૧૯૮૦માં ૫૦૦ રૂપિયાની મૂડી સાથે આ વ્યવસાય શરૂ કર્યો. પોતે એક ખેલાડી હોવાને કારણે સારા સ્પોટ્ર્સ વેરની આપણા દેશને અને ભારતીય રમતવીરોને તેની કેટલી જરૂર છે તે તેમણે પાકું જાણી-સમજી લીધું હતું.

તેમની પત્ની કુસુમ થોડું-ઘણું સિવણકામ જાણતી હતી. તેણી પછી સ્પોટ્ર્સ વેર સીવવાનું શિક્ષણ લઈને પતિ સાથે ખભે ખભો મેળવીને ઉભા રહ્યા. શિવ નરેશ નામ તેમના બે દિકરાના નામ પરથી રાખ્યું છે. આજે અહીં ૬૦૦ થી ૮૦૦ કામગાર કામ કરે છે. અભિનવ બિન્દ્રા અને મેરી કોમ જેવા ખેલાડીઓ આ બ્રાન્ડ દ્વારા પ્રાયોજિત છે. હકીકતમાં વર્લ્ડ કપની સફળતા પછી લોકોએ આ ખેલાડીઓને ઓળખવાનું શરૂ કર્યું તે પહેલાંથી જ શિવ નરેશ તેમના પ્રાયોજક રહ્યા છે. ઘણા ખેલાડીઓ આર.કે સિંહને વ્યક્તિગત રીતે જાણે છે. તેઓ ભારતીય બજાર પર કબ્જો કરીને **aadidas, nike, puma** જેવી કંપનીઓને ટક્કર આપી રહ્યા છે. આજે ઘણા ઉભરતા ખેલૈયાઓ, મોર્નિંગ વોક-જોગીંગ માટે જતાં સામાન્ય લોકો દરરોજ શિવ નરેશ સ્પોટ્ર્સ વેર પહેરે છે. જેણે એક સમયે ૫૦૦ રૂપિયાની મૂડી સાથે ધંધો શરૂ કરીને પોતાનું સીવણ મશીન ચલાવ્યું હતું તે હવે દરરોજ ૩૦ હજાર કપડા **(sports apparels)** બનાવવામાં સફળ થયા છે. તો.. ગર્વ સે કહો મેરા ભારત મહાન



### દાઉદી વ્હોરા સમાજના સંગઠન અને ક્રિસ્ટલ ગ્રુપ દ્વારા

## ગાંધી જયંતિના દિવસે સદ્ભાવના સાઈકલોથોન યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

દાઉદી વ્હોરા સમાજના સંગઠન બીઈંગ યુનાઈટેડ અને ક્રિસ્ટલ ગ્રુપના સહયોગથી આગામી તા.૨ ઓકટોબરના રોજ સામાજી સદભાવના સાયકલોથોન યોજાનાર છે. આ રેલીનો હેતુ સ્વચ્છ ભારતનો સંદેશ, આત્મ નિર્ભર ભારત, પર્યાવરણ જાળવણી અંગે સમાજનમાં જાગૃતતા ફેલાવવાનો છે.

બીઈંગ યુનાઈટેડના સંયોજક ઈબ્રાહિમ સોનીના જણાવ્યુ મુજબ કોરોના પ્રોટોકોલના પાલન સાથે રેલીનુ. પાલન કરીને યોજાશે. જેની સાયકલોથોનમાં જોડાનારને પણ જાણ કરવામાં આવશે. આ રેલીનો રૂટ ત્રિકોણ બાગ, પંચાયત ચોક, કિશાન પરા, આમ્રપાલી બ્રિજ,હનુમાન મઢી, રૈયા ચોકડી, ઈન્દિરા સર્કલ, કોટેચા ચોક, મહિલા કોલેજ અન્ડર બ્રિજ, કિશાનપરા, બીગ બાઈટ થઈને પોલીસ હેડકવાર્ટર થઇ બહુમાળી ભવને સમાપન થશે. વધુ વિગત માટે ૯૮૯૮૪૬૫૦૦૭ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવ્યું છે.(૭.૧૬)

### રાષ્ટ્રસંત નમ્રમુનિ મ.સા.ના ૫૧માં જન્મદિવસ નિમિતે

## સ્વ.સરયુબેન સી.શેઠની દ્વિતિય પુણ્યતિથિ નિમિતે એમ્બ્યુલન્સ અર્પણ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

રાષ્ટ્રસંત નમ્રમુનિ મ.સા. ના ૫૧માં જન્મોત્સવ ઉપલક્ષ માનવ મહોત્સવના ઉપક્રમે જન્મોત્સવ સપ્તાહ ચાલી રહ્યુ છે, ત્યારે રાજકોટના ભાવુકોએ ઉવ્વસગ્ગહરં સાધના ભવન ખાતે અભિનંદનનો કાર્યક્રમ રાખેલ હતો.તે દરમ્યાન રાષ્ટ્રસંત પૂ.ગુરુદેવની પ્રેરણાથી એમ્બ્યુલન્સ અર્પણનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. વૈયાવચ્ચ સમ્રાટ ચંદ્રકાંતભાઈ શેઠના ધર્મપત્નિ સ્વ. સરયુબેન શેઠની દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિ નિમિતે પૂ. સાધુ-સાધ્વીજીના વૈયાવચ્ચના ભાગરૂપે તથા ઈમરજન્સીમાં જરૂર પડે ત્યારે ગમે તે દર્દીને ઉપયોગી થઈ પડે તેવા હેતુ સાથે આ એમ્બ્યુલન્સની અર્પણવિધિ કરવામાં આવેલ હતી. અર્હમ ગૃપના કાર્યકર્તાઓ એમ્બ્યુલન્સ માટે જરૂરીયાત ઉભી થાય તે પ્રમાણેની સેવા આપશે. સેવા સંપર્ક માટે જીમીભાઈ શાહ મો. ૯૮૨૫૪ ૪૮૭૭૯ તેમજ રૂષભભાઈ શેઠ મો. ૯૩૭૪૮ ૩૯૭૪૭ ઉપર સંપર્ક કરવા વિનંતી. આ પ્રસંગે ગોંડલ નવાગઢ સ્થા. જૈન સંઘના પ્રમુખ પ્રવિણભાઈ કોઠારી, રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ - સી.એમ.શેઠ પૌષધશાળાના પ્રમુખ તથા શેઠ ઉપાશ્રય જૈન સંઘના ચેરમેન ચંદ્રકાંતભાઈ શેઠ, રૂષભભાઈ શેઠ, ભાવેશભાઈ શેઠ, સંજયભાઈ શેઠ, અજયભાઈ શેઠ, વિરેનભાઈ શેઠ, ઉવ્વસગ્ગહરં સાધના ભવનના પ્રમુખ જીમીભાઈ શાહ,પૂર્વ પ્રમુખ અલ્પેશભાઈ શેઠ, તુષારભાઈ મહેતા, સેતુરભાઈ, નવીનભાઈ દોશી, તરૂબેન દોશી, શ્રેયા દીદી, હેમા દીદી સહિતના અનેક ગુરુભક્તો ઉપસ્થિત રહી પૂ. ગુરુદેવના જન્મદીન નિમિતે બે હાથ જોડી અભિવંદના કરી હતી અને સેવા તથા સ્વકલ્યાણનો સંકલ્પ લિધેલ હતો.(૭.૧૬)

## વડિયાના ખજૂરી પીપળીયા ગામે સિંહના આટાફેરાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

(કિરીટ જોટવા દ્વારા)

વડિયા, તા.૨૪

જંગલના ઘટતા વિસ્તાર અને વૃક્ષછેદનને કારણે આજે વન્ય પ્રાણીઓ જંગલ બહાર ખોરાકની શોધમાં આટાફેરા વધતા હોય તેવા સમાચાર રોજ જોવા મળે છે. વડિયા જેવા આંતરિયાળ વિસ્તારમાં આવેલા ખજૂરી પીપળીયા ગામે ખારા વિસ્તારમાં જાળીમાં સિંહ બેઠા હોય તેવો વિડિઓ વાયરલ થયો છે. આ પેહેલા પણ સિંહના આટાફેરાનો વિડિઓ વાયરલ થયો હતો. આ વિડિઓ વાઇરલ થતા ગામ લોકો અને સ્થાનિક ખેડૂતો અને પશુપાલકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ખેડૂતોએ રાત્રે પોતાની વાડીમાં પિયત માટે જતા પણ ડર અનુભવી રહ્યા છે. પશુપાલન સાથે સંકળાયેલા લોકોને પણ પોતાના પશુઓની ચિંતા વધી છે.(૭.૧૬)



### મનપા દ્વારા 'વન ડે ટુ વોર્ડ' સફાઈ (ઝુંબેશ અંતર્ગત)

## વોર્ડ નં.૧૧ અને ૧૪ માં સફાઈ ઝુંબેશ યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વન ડે ટુ વોર્ડ સફાઈ ઝુંબેશનો આયોજન કરાયેલ. જેના અનુસંધાને વોર્ડ નં.૧૧ તથા વોર્ડ નં.૧૪માં સફાઈ ઝુંબેશ હાથ ધરાયેલ હતી. વોર્ડ નં.૧૪માં મેયર ડો.પ્રદિપ ડવ, ડેપ્યુટી મેયર ડો.દર્શિતાબેન શાહ, દંડક સુરેન્દ્રસિંહ વાળા, શહેર ભાજપ મહામંત્રી જીતુભાઈ કોઠારી, શહેર ભાજપ મંત્રી જ્યોત્સનાબેન હળવડીયા, વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર કેતનભાઈ પટેલ, નિલેશભાઈ જલુ, ભારતીબેન મકવાણા, વર્ષાબેન રાણપરા, વોર્ડ પ્રભારી હસુભાઈ ચોવટીયા, પ્રમુખ હરિભાઈ રાતડીયા, મહામંત્રી નરેન્દ્રભાઈ કુબાવત, વિપુલભાઈ માખેલા, મહિલા મોરચાના વોર્ડ પ્રમુખ શોભનાબેન ચૌહાણ, મહામંત્રી વૈશાલીબેન મહેતા, શહેર મંત્રી નીલમબેન જાની, શહેર કારોબારી દિપ્તીબેન વોરા, આઈ.ટી. સેલના અમિતભાઈ બાવરેચા, મહેશભાઈ પરમાર, વિજયભાઈ કારીયા, શિક્ષણ સેલના કન્વીનર જયદીપભાઈ જલુ, કરણભાઈ સોરઠીયા, જયેશભાઈ પાઠક, અરવિંદભાઈ તલસાણીયા, ભનુભાઈ પટેલ, હિનાબેન પટેલ, અરૂણાબેન મારવાડિયા, કેયુરભાઈ મશરૂ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.



વોર્ડ નં.૧૧માં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, સેનિટેશન કમિટી ચેરમેન અશ્વિનભાઈ પાંભર, વોર્ડ નં.૧૧ના કોર્પોરેટર રાણાભાઇ સાગઠીયા, વિનોદભાઈ સોરઠીયા, ભારતીબેન પાડલીયા, લીલુબેન જાદવ, વોર્ડ પ્રભારી રાજુભાઈ માલધારી, પ્રમુખ સંજયભાઈ પીપળીયા, મહામંત્રી હરસુખભાઈ માકડિયા, સંજયભાઈ બોરીચા, રાજુભાઈ બોરીચા, તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

આ ઝુંબેશ અંતર્ગત બપોર સુધીમાં આશરે ૩૦ ટન જેટલો કચરાનો નિકાલ કરવામાં આવ્યો. તેમજ મેલેરીયા વિભાગ દ્વારા ફોગીંગ, દવા છંટકાવ વિગેરે કામગીરી પણ સાથોસાથ શરૂ કરાયેલ.(૭.૧૬)

### ફેમીલી પ્લાનિંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા બ્રાંચના ક્રમે

## તારુણ્ય દીકરીઓ માટે ત્રિદિવસીય હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪

ફેમીલી પ્લાનિંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા રાજકોટ બ્રાંચ તથા લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય રાજકોટના સયુંકત ઉપક્રમે તારુણય દીકરીઓ માટે હિમોગ્લોબીન ચેક અપ કેમ્પ યોજાયો હતો જેમાં શાળા ની ૩૧૩ તરુણીઓએ હિમોગ્લોબીન તથા બ્લડ ગ્રુપ ચેકઅપ નો લાભ લીધો હતો.

કેમ્પની શરૂઆતમાં શાળાના આચાર્ય ભરતસિંહ પરમાર દ્વારા ઉપસ્થિત મહેમાનોનું પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું પ્રસંગે ફેમીલી પ્લાનિંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા રાજકોટ બ્રાંચના પ્રેસિડેન્ટ મહેશભાઈ મેહતા એ પ્રાસગિક પ્રવચન કર્યું હતું તથા તમામ દીકરીઓને સ્વસ્થ રહેવા ભલામણ કરેલ તેમજ કાર્યક્રમ સફળ થાય તેવી શુભેચ્છાઓ આપી હતી.

ફેમીલી પ્લાનિંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા રાજકોટ બ્રાંચના કાઉન્સેલર કમ પ્રોગ્રામ ઓફિસર મહેશભાઈ રાઠોડ દ્વારા કેમ્પનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે પોતાનું હિમોગ્લોબીન લેવલ કેટલું છે તે જાણવું જરૂરી છે તથા બહેનોએ ખાસ પોતાના રોજીંદા આહારમાં હિમોગ્લોબીન જળવાઈ રહે તેવી જાગૃતતા રાખવી જોઈએ તથા તારુણ્ય અવસ્થામાં જીવનનનું મહત્વ વિશે માહિતી આપેલ હતી.

તમામ દીકરીઓનું હિમોગ્લોબીન તથા બ્લડ ગ્રુપ ચેકઅપનું કામ અનુક્રમે વિજય પ્લોટ આરોગ્ય કેન્દ્ર , જંકશન આરોગ્ય કેન્દ્ર તથા સદર આરોગ્ય કેન્દ્રના રાજકોટ મહાનગરપાલિકાના સહયોગથી કરી આપવામાં આવેલ હતું.

કેમ્પને સફળ બનાવવા માટે ફેમીલી પ્લાનિંગ એશોસીએશન ઓફ ઇન્ડિયા રાજકોટ બ્રાંચ કાઉન્સેલર કમ પ્રોગ્રામ ઓફિસર મહેશભાઈ રાઠોડ, શાળાના આચાર્ય ભરતસિંહ પરમાર તથા રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ જોન આરોગ્ય અધિકારી ડો હાર્દિકભાઈ મેતા દ્વારા સક્રિય રીતે જહેમત ઉઠાવી હતી. (૭.૧૩)

## પુનિત સદ્ગુરૂ ભજન મંડળ દ્વારા સ્વ.જયાબેનને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૪



પુનિત સદ્ગુરૂ ભજન મંડળ દ્વારા ગત તા.૨૨ નાં રોજ જીતુભાઈ દવે (એડવોકેટ) નાં માતા સ્વ.જયાબેનને શ્રાધ્ધ પક્ષમાં સામેલ કરવાની વિધિ પ્રસંગે સંત પુનિતનાં ભજનો થકી શ્રધ્ધાંજલિ અર્પણ થયેલ. ભાવિકો, સભ્યો, નથવાણી પરિવારનાં જયશ્રીબેન, જયેશભાઈ, પુનિતભાઈ, પૂર્વીબેન, હેનિતભાઈ, મેઘાબેન ઉપરાંત ગુણવંતભાઈ ઠક્કર (અમદાવાદ)- ક્રિષ્નાબેન વી.જોબનપુત્રા, ભરતભાઈ ગોલાણીયા- સંગીતાબેન એસ.સૂચક રાઠોડ, દયાળજીભાઈ રાઠોડ, લોકગાયક ભક્તિદાનભાઈ ગઢવીનો સહયોગ પ્રાપ્ત થયેલ. સમગ્ર વિશ્વ કોરોના મહામારીથી મુક્ત સંપૂણ પણે થાય તેવી પ્રાર્થના કરવામાં આવેલ હતી.(૭.૧૨)

# માણાવદરના રોહન ઠાકરે રાષ્ટ્રીય કક્ષાના ચિત્ર પ્રદર્શનમાં ભાગ લીધો



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

માણાવદર, તા.૨૪

રાજસ્થાનના ઉદયપુરમાં બાગોરે કી હવેલી ખાતે આર્ટ શો યોજાયો હતો તેમાં માણાવદરના રોહન ઠાકરે ઉદયપુર ખાતે રાષ્ટ્રીય કક્ષાના ચિત્ર પ્રદર્શનમાં ભાગ લીધો હતો તે સમય દરમ્યાન રોહને વીર મહારાણા પ્રતાપના વંશજો તેમજ ભારતના મશહુર શાહી પરિવારના અરવિંદસિંહ મેવાર તેમજ તેમના પુત્ર લક્ષ્યરાજસિંહ મેવાર સાથે મુલાકાત લીધી હતી.

રોહનની કલાથી પ્રભાવિત થઈને રોહને શાહી ભોજન તેમજ શાહી જીવનશૈલીની સાથે મુલાકાત પ્રમાણપત્ર આપીને સન્માન કર્યું હતું તેમજ ઉદયપુરના પ્રવાસ દરમિયાન રોહને રાજસ્થાનના પ્રખ્યાત જાદુગર આંચલ કુમાવત તેમજ ઉદયપુરના ડીવાયએસપી ચેતના ભટ્ટી સાથે મુલાકાત કરી હતી.(૭.૧૬)

## શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનાર

# ડો.બળવંત જાનીને રાષ્ટ્રપતિના હસ્તે ગંગા શરણ સિંહ પુરસ્કાર એનાયત થશે


**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪

સાહિત્યકાર અને શિક્ષણવિદ્ ડો. બળવંતભાઈ જાનીને રાષ્ટ્રપતિનાં હસ્તે ગંગા શરણ સિંહ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. કેન્દ્રીય હિન્દી સંસ્થાને દેશના ૨૬ વિદ્વાનોનું સન્માન કરવાનો નિર્ણય કર્યો છે જેમાં ગુજરાતમાંથી શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે ઉત્તમ કાર્ય કર્યું છે એવા ડો. બળવંતભાઈ જાનીને શિક્ષણના ક્ષેત્રમાં તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે આ પુરસ્કાર આપવામાં આવશે. કેન્દ્રીય શિક્ષણમંત્રી અને હિન્દી શિક્ષણ બોર્ડના પ્રમુખ ધર્મેન્દ્ર પ્રધાન, સંસ્થાન દ્વારા આ યાદી બહાર પાડવામાં આવી હતી. દેશની અનેક નમાંકિત યુનિવર્સિટીઓમાં વિવિધ સદસ્યપદે રહી પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ આપી રહેલા તથા સરકારની વિવિધ કમિટીઓમાં અધિકારીપદેથી સેવારત તેમજ સાહિત્યની નિશદિન સેવા કરતા ડો. બળવંતભાઈ જાનીને ગંગા શરણ સિંહ પુરસ્કારથી વિભૂષિત કરવામાં આવશે એવી જાહેરાત થતા જ ડો. બળવંતબાઈ જાનીને ગુજરાત સહિત ભારત ભરમાંથી મિત્રો, શુભેચ્છકો, દેશ-વિદેશમાં વસતા સગા-સંબંધીઓ, વિવિધ ક્ષેત્રોનાં મહાનુભાવો શુભકામનાઓ પાઠવી રહ્યાં છે.(૭.૧૬)



# વલસાડનાં પત્રકારનાં પુત્ર હિયાનનો આજે જન્મદિવસ



વલસાડનાં પત્રકાર કાર્તિકભાઈ બાવીસીનાં પુત્ર હિયાનનો આજે જન્મદિવસ છે. સૌનો લાડલો રાજકુમાર હિયાન મીઠી-મધુર યાદો સાથે બે વર્ષ પૂર્ણ કરી ત્રીજા વર્ષમાં વડીલોનાં આશિર્વાદ સાથે મંગલ પ્રવેશ કર્યો છે. જીવનમાં ખૂબ આગળ વધે અને જીંદગીનાં બધા સપનાઓ પુરા કરે તેવા આશિર્વાદ સાથે દાદા રજનીભાઈ, દાદી, પરિવારજનો, સગા-સંબંધી અને રાજયના આઈ.પી.એસ અધિકારી, ડી.વાય.એસ.પી અધિકારીઓ જન્મદિવસ શુભકામનાઓ કાર્તિકભાઈનાં મો. ૭૩૮૩૨૧૭૭૭૭ પર પાઠવી રહ્યા છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી હિયાનને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

## શનિ-રવિવારે શહેર ભાજપ દ્વારા તમામ બુથમાં


# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપતા ૫૦ હજાર પોસ્ટકાર્ડ લખાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ લીધેલા અનેકાનેક દેશહીત, લોકહિતના નિર્ણયોને અભિનંદન આપતા ૫૦ હજાર પોસ્ટકાર્ડ આવતીકાલે તા.૨૫ ના શહેર ભાજપ દ્વારા શહેરના તમામ બુથો, શક્તિકેન્દ્રો, મોરચાઓ ધ્વારા આ પોસ્ટકાર્ડ ઝુંબેશમાં તમામ શ્રેણીના કાર્યકર્તાઓ જોડાઈ અભિનંદન આપતા પોસ્ટકાર્ડો એકસાથે લખાશે. એમ અંતમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરે જણાવેલ હતું.(૧.૧૬)

# પંડિત દીનદયાળજીએ જીવનભર ઈમાનદારી અને સત્યનિષ્ઠાને પ્રાધાન્ય આપ્યું: મિરાણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરે એકાત્મ માનવવાદના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિએ તેમને શત શત વંદન કરતા જણાવ્યું હતું કે પંડિત દીનદયાળ ઉપાધ્યાય એક પ્રખર વિચારક અને ઉત્કૃષ્ઠ સંગઠનકર્તા હતા.

તેઓ ભારતીય જનસંઘના અધ્યક્ષ હતા. તેમણે ભારતીય સનાતન વિચારધારાને યુગાનુકૂળ રૂપમાં પ્રસ્તુત કરીને દેશમાં એકાત્મ માનવવાદ જેવી પ્રગતિશીલ વિચારધારા આપી.

પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી એક એવા નેતા હતા કે જેણે જીવનભર ઈમાનદારી અને સત્યનિષ્ઠાને પ્રાધાન્ય આપ્યું. તેઓ ભારતીય જનતા પાર્ટી માટે વૈચારિક અને નૈતિક પ્રેરણાના સ્ત્રોત હતા.

દેશને એકાત્મ માનવવાદનો વિચારએ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની શ્રેષ્ઠતમ દેન છે.

ત્યારે અંતમાં કમલેશ મિરાણી, જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરે જણાવેલ કે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના માર્ગદર્શન અને નેતૃત્વ નીચે શરૂ થયેલ ભારતીય જનસંઘની વિચારધારાએ વર્તમાન સમયમાં દેશના સપૂત અને મજબુત નેતૃત્વ પુરૂ પાડી રહેલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા આગળ વધારવામાં આવી રહેલ છે. રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાજીનું પણ સતત માર્ગદર્શન મળી રહયું છે.(૧.૧૬)

# અમેરિકાનાં કોર્પોરેટ જગતને પ્રભાવિત કરતા મોદી

## વડાપ્રધાન સાથેની મુલાકાતને અદ્દભુત ગણાવતા તમામ સી.ઈ.ઓ



**(એજન્સી સમાચાર)**

વોશિંગ્ટન, તા.૨૪

અમેરિકામાં નરેન્દ્ર મોદીની યાત્રા દમામદાર રીતે આગળ વધી રહી છે. ગઈકાલે વડાપ્રધાને પાંચ અલગ-અલગ સેક્ટરની અમેરિકી કંપનીઓનાં સી.ઈ.ઓ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં મોદી સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરીને અમેરિકી કોર્પોરેટ જગતનાં માંધાતાઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. ક્વાલ્કોમ કંપનીનાં વડાએ તો મોદી સાથેની મુલાકાત અદ્દભુત ગણાવી હતી. એડોબ કંપનીનાં વડા અને મૂળ ભારતીય શાંતનું નારાયણ, જનરલ એટોમીક્સ સી.ઈ.ઓ વિવેકલાલ, ક્વાલ્કોમનાં ક્રિસ્ટીયાનો એમોન, ફર્સ્ટ સોલાર કંપનીનાં માર્ક વિડમાર તથા બ્લેક સ્ટોન કંપનીનાં સ્ટીફન સ્વાઝમેન સાથે મોદીએ સઘન ચર્ચા વિચારણા કરી હતી. વિશ્વ સ્તરનાં ઉદ્યોગ જગત માટે ભારતનાં વ્યાપક અને વિશાળ તકો ઉભી થયાનું મોદીએ જણાવ્યું હતું. ક્વાલ્કોમનાં હેડ એમોને ફાઈવ-જી તેમજ ડીજીટલ ઇન્ડિયાનાં પ્રોજેક્ટમાં રસ બતાવ્યો હતો.

વડાપ્રધાન મોદીએ અમેરિકી કોર્પોરેટ જગત સાથે અનેક મુદ્દાઓ પર વ્યાપારી ભાગીદારી પર વિચારોની આપ-લે કરી હતી. જળવાયુ પરિવર્તન, રિન્યુએબલ એનર્જી, ડીજીટલ ઇન્ડિયાનાં પ્રોજેક્ટ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તમામ કોર્પોરેટ વડાઓએ ભારત સાથે કામ કરવાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. સૌરઊર્જા સેમીકંડકટર ફાઈવ-જી જેવા ક્ષેત્રોમાં કામ કરવાનો રસ બતાવ્યો હતો.

વિવેકલાલ સાથેની મોદીની બેઠક મહત્વની જણાઈ છે. કેમકે લશ્કરી દળો માટેનાં જરૂરી અતિઆધુનિક ડ્રોનની સૌથી મોટીઉત્પાદક કંપનીનાં સી.ઈ.ઓ એક ભારતીય છે. ભારતે લશ્કરી દળોની ત્રણેય પાક માટે મોટી સંખ્યામાં ડ્રોન ખરીદવાની તૈયારી બતાવી છે. વિવેકલાલ પણ સુરક્ષા ક્ષેત્રે ભારત અને અમેરિકાનાં સંબંધોને નવી ઉંચાઈએ લઈ જવા માટે ઉત્સુક જણાયા હતા.(૨.૧૨)

# કેશોદ તાલુકામાં વરસાદથી થયેલ નુકસાનીનું સર્વે કરી વળતર ચુકવવા માંગ



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

કેશોદ, તા.૨૪

કેશોદ તાલુકામાં વરસાદના કારણે ખેડુતોના ખેતરો તથા ખેત પેદાશોમાં ભારે નુકસાની થવા પામીછે ત્યારે કેશોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં નુકસાનીની પરિસ્થિતિનો તાગ મેળવી જીલ્લા પંચાયત પ્રમુખ પતિ અને જીલ્લા સહકારી બેંકના મેનેજીંગ ડિરેક્ટર દિનેશભાઈ ખટારીયા આગેવાનો સાથે કેશોદ તાલુકામાં પ્રવાસ કરી ખેડુતોને થયેલ ખેતરો તથા ખેત પેદાશોમાં થયેલ નુકસાનીનો તાગ મેળવ્યો હતો.

જીલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન દિનેશભાઈ ખટારીયા તથા જીલ્લા સહકારી બેંકના મેનેજીંગ ડાયરેકટર દિનેશભાઈ ખટારીયાએ જૂનાગઢ કલેક્ટર રચિત રાજ સાથે સમિક્ષા બેઠક યોજી જે જે ખેડૂતોને વરસાદના કારણે નુકસાની વેઠવી પડીછે તેમને ત્વરિત સર્વ કરાવી યોગ્ય વળતર ચુકવાય તે માટે રજૂઆત કરી હતી. કલેકટર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સરકારમાં જાણ કરી વહેલામાં વહેલી તકે જે ખેડૂતોને નુકસાન થયુંછે તેનું વળતર ચુકવવામાં આવે એવા સરકારમાં પ્રયાસ કરીશું તેવી કલેકટર રચિત રાજ દ્વારા ખાતરી આપવામાં આવી હતી.(૭.૧૬)

## માંધાતા ગ્રુપ ગુજરાતનાં સ્થાપક ભૂપત ડાભીનાં અધ્યક્ષ સ્થાને

# ગોંડલ ખાતે રવિવારે કોળી સમાજનો વેવિશાળ પરિચય સમારંભ યોજાશે

### પરિચય મેળામાં ભાગ લેવા માંગતા ઉમેદવારોએ રમેશ ગોહેલ મો.નં. ૯૩૭૪૭૩૪૮૨૦ , કલ્પેશ બાવળીયા ૭૯૮૪૫૯૪૪૨૪ પર સંપર્ક કરવો

**ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક-યુવતીને ઉપસ્થિત રહેવા અનુરોધ**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪

દીકરા-દીકરી ભણીગણીને કમાતા થાય એટલે તેમના વડીલોને લગ્નની ચિંતા રહેતી હોય છે. આ ચિંતા દુર કરવાના હેતુથી સમગ્ર સૌરાષ્ટ્ર અને રાજયભરમાં રહેતા ચુંવાળીયા, તળપદા, ઘેડીયા, દિવેચા સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા એજયુકેશન ફેમીલીના યુવક- યુવતીઓ માટે કોળી શકિત્ત યુવક મંડળ- અમરેલી તથા જય વેલનાથ જય માંધાતા સમિતિના સંયુકત ઉપક્રમે ગોંડલ ખાતે ૫૫ માં વેવિશાળ પરિચય સમારંભનું આયોજન માંધાતા ગ્રુપ ગુજરાતના સ્થાપક ભુપતભાઇ ડાભીના અધ્યક્ષ સ્થાને આગામી તા. ૨૬ ને રવિવારે કડવા પટેલ સમાજ વાડી, જુના માર્કેટીંગયાર્ડ પાસે, બસ સ્ટેશનની બાજુમાં, ગોંડલ મુકામે યોજાશે. આ શાહી જાજરમાન જીવન સાથી પરિચય મેળામાં કોળી સમાજના ડોકટરો, વકિલો, શિક્ષકો, ઉદ્યોગપતિઓ તથા ઉચ્ચકક્ષાના સરકારી કર્મચારીઓ ઉપસ્થિત રહી શકશે.

આ પરિચય મેળામાં જે ઉમેદવાર ભાગ લેવા માંગતા હોય તો રમેશભાઇ ગોહેલ મો.નં. ૯૩૭૪૭૩૪૮૨૦, કલ્પેશભાઇ બાવળીયા મો.નં. ૭૯૮૪૫૯૪૪૨૪, દેવાંગ કુકાવા મો.નં. ૯૦૩૩૫૧૮૯૦૯ ઉપર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.(૧.૧૨)

# મુન્દ્રા ડ્રગ્સ મામલો: મહત્વના બંદરો ખાનગી કંપનીને સોંપવા કેટલા સુરક્ષિત?

### મુન્દ્રા પોર્ટ પર પકડાયેલા વિશ્વના સૌથી મોટા હેરોઇનના જથ્થાને લઈને સર્જાતા અનેક સવાલ: ચૈન્નાઇથી પકડાયેલા દંપતીએ ડ્રગ્સ માફિયાગીરીનાં ચોકાવનારા ખુલાસા કરતા સુરક્ષા તંત્ર સ્તબ્ધ

### મુન્દ્રા ડ્રગ્સના મામલે ચાર અફઘાનિ, એક ઉઝબેક તથા ત્રણ ભારતીય નાગરિકો સહિત આઠની ધરપકડ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૪

કચ્છ અને ગુજરાત માટે દરિયાઇ સુરક્ષા માટે ખુબ જ વ્યૂહાત્મક અને મહત્વના તથા ગુજરાતની ખાનગી કંપની અદાણી ગ્રૃપ દ્વારા સંચાલીત મુન્દ્રા પોર્ટ પરથી પકડાયેલા વિશ્વના અત્યાર સુધીના સૌથી મોટામાં મોટા રૂ.૨૧ હજાર કરોડની કિંમતના હેરોઇનના ત્રણ હજાર કિલો જથ્થાના પ્રકરણને પગલે તપાસનો રેલો દેશના અનેક શહેરોમાં લંબાયો છે અને અત્યાર સુધીમાં નસીલા પર્દાથોમાં આ ચકચારી પ્રકરણમાં કુલ આઠ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.

જેમાં ત્રણ ભારતીય નાગરીકો છે, ચૈન્નાઇના દંપત્તીનો સમાવેશ થાય છે. ચાર અફઘાનિ નાગરિકો અને એક ઉઝબેક નાગરિકની પણ ધરપકડ કરવામાં આવી છે. ભારતીય દંપત્તીની ચૈન્નાઇમાંથી ધરપકડ કરવામાં આવી છે આ દંપત્તીએ ડ્રગ્સ માફિયાગીરીની કામગીરી વિશે જે ચોકાવનારા ખુલાસા કર્યા છે તેનાથી સુરક્ષા તંત્ર પણ અવાચક બની ગયું છે. દરમ્યાન દેશના મહત્વના બંદરો ખાનગી કંપનીઓને સોંપી દેવાની પધ્ધતી સામે હવે અનેક સવાલો ઉઠી રહયા છે.

મુન્દ્રા પોર્ટનાં હેરોઇન પ્રકરણની તપાસનો છેડો દિલ્હી, યુપીના નોઇડા, તમીલનાડુના ચૈન્નાઇ અને કોઇમ્બતુર, અમદાવાદ, વિજયવાડા સુધી લંબાયા છે. માંડવી અને ગાંધીધામમાં પણ ડીઆઇઆર દ્વારા તપાસનો ધમધમાટ કરવામાં આવી રહયો છે.

મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ચૈન્નાઇથી ઝડપાયેલા સુધાકર મચવારાપુ અને તેની પત્ની વૈશાલીને



આયાત કરાયેલા કન્ટેનર દીઠ રૂ.30 હજાર ચુકવવામાં આવ્યા હોવાનું જાહેર થયું છે. કસ્ટમ કલીયરન્સ કરાવવા બદલ અને જથ્થો અન્યત્ર પહોંચાડવા માટે આ દંપતીની હવાલા મારફત બીજા રૂ.3 લાખ મળ્યા હતા. આ પ્રકરણની તપાસમાં હવે એનફોસમેન વિભાગે પણ ઝમ્પલાવ્યું છે.

નાણાની હેરફેરનાં મામલે ઇડી દ્વારા તપાસનો ધમધમાટ કરવામાં આવી રહયો છે. તાજેતરમાં જે જંગી જથ્થો ઝડપાયો છે. એ ટેલકમ પાઉડરના ઓઠા હેઠળ કન્ટેનરમાં ભરીને અફઘાનિસ્તાનથી ઇરાન થઇ લાવવામાં આવ્યો હતો. મોટી ગુણીઓમાં હેરોઇનનો પર્દાથ રાખવામાં આવ્યો હતો અને ઉપરના ભાગે ટેલકમ પાઉડરના ડબ્બા ગોઠવી ગુણીઓ સીવી લેવામાં આવી હતી જેથી શંકા ન જાય. આ જથ્થો અફઘાનિસ્તાનના નિમરૂઝ પ્રાન્તમાંથી આવ્યો હતો. જયાં પાઉડરનું ઉત્પાદન થતું જ નથી.

ત્યાંથી વિશ્વનાં ૮૦ ટકા નશીલા પર્દાથોનો જથ્થો જ અન્ય દેશોમાં રવાના કરવામાં આવે છે. આ દંપતીએ તેમના આયાત-નિકાસ લાયસન્સનો દુરઉપયોગ કરીને કન્ટેનર મંગાવ્યા હતા એવું જાહેર થયું છે.

આ બન્નેને અફઘાનિસ્તાન અને ઇરાનમાંથી આદેશો મળતા હતા. હજુ આવા જથ્થા ભરેલા બે કન્ટેનર આવી રહયા હોવાની બાતમી મળી છે.

દરમ્યાન સોશિયલ મીડિયામાં જોરશોરથી એવી ચર્ચા ઉઠી છે કે, મહત્વના વ્યૂહાત્મક બંદર ખાનગી કંપનીઓના હાથમાં સોંપવાનું સુરક્ષિત રહયું નથી. ખાનગી કંપની દ્વારા સંચાલીત આવા બંદર પર વધુ લોખંડી સુરક્ષા અને દરેક જહાજની ઉંડી ચકાસણી કરવાનું જરૂરી બન્યું છે. કોંગ્રેસે ગુજરાતની આ સૌથી મોટી ડ્રગ્સ હેરફેરના મામલે અદાલતની તપાસની માંગણી કરી છે.

ગુજરાતમાં નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો જેવા મહત્વના વિભાગમાં મોટા ચાવી રૂપ હોદ્દાઓ હજુ સુધી ખાલી છે એ અંગે પણ કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા છે.

અદાણી ગ્રૃપનું નિવેદન જણાવે છે કે, પોર્ટ સંચાલક કંપનીઓને માત્ર સંચાલન કરવાની સત્તા છે.

બંદર પર આવનારા માલ-સમાનની તપાસ કરવાની સત્તા પોર્ટ સંચાલકોને નથી. દેશના કોઇપણ પોર્ટ ખાનગી કંપનીઓને માલ-સમાન ચકાસવાની સત્તા નથી. અદાણી કંપની વિરૂધ્ધ દ્વશેપુર્ણ અને ખોટો પ્રચાર ચલાવવામાં આવી રહયો છે જેનો આ ખુલાસા સાથે અંત આવી જશે એવી કંપનીને આશા છે.(૨.૧૧)

## કાકા સાહેબ કાલેલકર વ્યાખ્યાનમાળા અંતર્ગત

# ગુજરાતી સ્ત્રીઓની આત્મકથામાં ઉપસતું સમાજજીવન વિષય પર વ્યાખ્યાન યોજાશે

### કાલે વ્યાખ્યાનમાં સાહિત્ય પ્રેમીઓને પધારવા આમંત્રણ

રાજકોટ, તા.૨૪

ગુજરાતી સાહિત્ય પરિષદ-અમદાવાદ અને દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ-ઢોલરા સાહિત્યીક પ્રવૃતિઓ કરતી સંસ્થા સાહિત્ય સેતુ-રાજકોટ દ્વારા સાહિત્યસર્જન થકી ગુજરાતી ભાષાને અલંકૃત કરનાર સવાઈ ગુજરાતી સમાજ સુધારક નિબંધકાર, પ્રવાસ લેખક કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનમાળા અંતર્ગત ભરૂચ નિવાસી પ્રાધ્યાપક, લેખિત ડો.મીનલબેન દવેનું ગુજરાતી સ્ત્રીઓની આત્મકથામાં ઉપસતું સમાજજીવન વિષય પર વ્યાખ્યાન આવતીકાલે સંજે ૫:૩૦ વાગ્યે કાલાવડ રોડ પર આવેલ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં યોજવામાં આવેલ છે.

આ સાહિત્યીક કાર્યક્રમમાં જાણીતા કવિ સંજુ વાળા, સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં ગુજરાતી ભવનનાં અધ્યક્ષ કવિ-લેખક ડો.મનોજ જોષી, જાણીતા શેરબ્રોકર સંગીત, સાહિત્યપ્રેમી સુનીલભાઈ શાહ, દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ટ્રસ્ટી યુવા કેળવણીકાર ડો. નિદનભાઈ બારોટ, જાણીતા ઉદ્યોગપતિ પ્રતાપભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાનાં મુકેશભાઈ દોશી, અનુપમ દોશી, કીર્તિદા શાહ, જનાર્દન આચાર્ય, સુધીર દતા, સુનીલ વોરા, પ્રકાશ હાથી, નલિન તન્ના, હસુભાઈ શાહ, ધ્વનિલ પારેખ વગેરે કાર્યરત છે. સાહિત્ય પ્રેમીઓને કાર્યક્રમમાં પધારવાનું આમંત્રણ.(૭.૧૨)

PACKAGINGHUB
प्रोडक्ट आपका, सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

Dt.24-09-2021 **8** શુક્રવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક



## વિખ્યાત ઐતિહાસિક સોમનાથ મંદિરનાં શિખરને સોનેથી મઢવામાં આવશે

### પ્રાચીન મંદિરનો સોનેરી ઈતિહાસ જીવંત થઇ ઉઠશે, ૧૪૫ કિલો સોનું વપરાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૪: કરોડો ભાવિકોની આસ્થાનું કેન્દ્ર સમાન વિખ્યાત અને ઐતિહાસીક સોમનાથ મંદિરનું ટોચનું આખેઆખુ શિખર સોનેથી મઢવામાં આવનાર છે. સોમનાથ મંદિર ટ્રસ્ટના સુત્રોએ આ માહિતી આપી હતી. આખા શિખરને સોના જડીત કરવામાં ૧૪૫ કિલો જેટલુ સોનું વાપરવામાં આવનાર છે તેવું જાણવા મળ્યું છે.

ખુબ જ પ્રાચીન એવા આ ભવ્ય મંદિરનો સુર્વણ ઈતિહાસ આ રીતે ફરીથી જીવંત થઇ ઉઠશે. આ અહેવાલોથી ભાવિકોમાં ભારે ખુશાલીની લાગણી પ્રસરી છે.

# ઉપલેટામાં ગેસનો બાટલો ફાટતા વેપારી પિતા-પુત્રના કમકમાટીભર્યા મૃત્યુ







**ભંગારના ડેલામાં ગેસથી ભંગારનું કટિંગ કરતા સમયે સર્જાયેલા વિસ્ફોટથી બન્નેના શરીરના કુરચે કુરચા ઉડી ગયાઃ સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી પ્રસરી, ઘટના સ્થળે ધસી જતો પોલીસ કાફલો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૪

ઉપલેટામાં આજે સવારે ૯થી ૯:૩૦ વાગ્યાની આસપાસ ભંગારના ડેલામાં ગેસના બાટલાથી ભંગારનું કટીંગ કરતા બાટલો ફાટ્યો હતો. પરિણામે પ્રચંડ વિસ્ફોટ થતા ત્યાં હાજર પિતા-પુત્રના શરીરના ફુરચે-ફુરચા ઊડી ગયા હતા. આ દુર્ઘટનામાં પિતા-પુત્રના મોત થતા અરેરાટી વ્યાપી ગઇ છે. ઉપલેટા પોલીસને બનાવની જાણ થતા તુરંત પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને પ્રાથમિક તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. આ બનાવમાં કોઈ વિસ્ફોટક પદાર્થ આવી જતાં ધડાકો થયાનું તારણ કાઢવામાં આવ્યું છે. હાલ મૃતક પિતા-પુત્રના શબને કોટેજ હોસ્પીટલમાં પી.એમ. માટે ખસેડવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેઓનું ફોરેન્સિક પી.એમ. કરવા રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ઉપલેટામાં જુની પુરોહીત લોજ પાસે આવેલ ભંગારના ડેલામાં પિતા-પુત્ર સહીત

### મુસ્લિમ સમાજમાં શોક અને ગમગીનીનું વાતાવરણ, ભંગારમાં કોઇ વિસ્ફોટક પદાર્થ આવી જવાથી પ્રચંડ ધડાકો થયાનું તારણ

કારીગરો કામગીરી કરી રહયા હતા. ત્યારે અચાનક વિસ્ફોટ થતા પિતા રજાકભાઇ અલીભાઇ કાણા તથા પુત્ર રહીશ રજાકભાઇ કાણાનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જયારે ભંગારના ડેલામાં રહેલા અન્ય ૩ વ્યકિતઓ દુર કામ કરી રહયા હોવાથી તેમનો બચાવ થયો હતો. એક સાથે પિતા-પુત્રના મોત થતા મુસ્લીમ સમાજમાં અરેરાટી વ્યાપી ગઇ છે.

ભંગારના ડેલાના ગેસના બાટલાથી ભંગારનું કટીંગ કામ કટરથી કરવામાં આવી રહયુ હતું ત્યારે અથવા તો ભંગારમાં રહેલ કોઇ વિસ્ફોટક વસ્તુથી વિસ્ફોટ થયો હોવાનું પણ ચર્ચાઇ રહયું છે. વિસ્ફોટ એટલો મોટો હતો કે બંને લોકોનાં ઘટનાસ્થળે મૃત્યુ થયાં હતાં અને દિવાલમાં પણ ગાબડા પાડી દીધા હતા. આ બનાવની જાણ થતા હાલ ઘટના સ્થળ ઉપર ઉપલેટા પોલીસ મામલતદાર, ધોરાજી ઉપલેટા ધારાસભ્ય લલિત વસોયા ઘટના સ્થળ ઉપર આવી નિરીક્ષણ કર્યું હતું. ઉપલેટા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ડીવાયએસપી સહીતની ટીમ ઘટના સ્થળે આવીને તપાસ હાથ ધરી છે.

### જિલ્લા એનએસયુઆઇ દ્વારા નકલી ચલણી નોટોનો હાર લઇને કુલપતિને રજૂઆત

## પીએચડી પાસ કરતા વિદ્યાર્થીઓની પાસિંગ સ્ર્ટીની એલીજીબિલીટી આજીવન રાખવા માંગ




રાજકોટ: પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા પાસ કરનારાની પાસિંગ એલીજીબિલીટી એક, ત્રણ કે પાંચ વર્ષ નહી અગાઉની જેમ જ આજીવન વેલિડીટી સર્ટિફિકેટ આપવાનો નિર્ણય કરવામાં આવે તેવી એન.એસ.યુ.આઇ દ્વારા માંગ કરવામાં આવી છે. જો વિદ્યાર્થીઓની માંગણી સ્વીકારવામાં નહી આવે તો એન.એસ.યુ.આઈ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરશે. તેમ જિલ્લા એન.એસ.યુ.આઈ પ્રમુખ રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું છે.(૧.૧૨)

### વો ભૂલી દાસતાં ફિર યાદ આ ગઈ....

# રાજકોટ મહાનગરપાલિકા તંત્ર ગેરકાયદે બાંધકામ રોકવામાં વામણું

### પૂર્વ મ્યુનિસિપલ કમિશનર જગદીશન અને પૂર્વ કલેકટર રાજીવ ટકરૂએ ગેરકાયદે બાંધકામોની વાટ લગાવી દીધી હતીઃ જગદીશનની લોકચાહનાં એવી હતી કે રાજકોટમાં બંધ સહિત આંદોલનો થયા હતા



પૂર્વ કલેક્ટર રાજીવ ટકરૂ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૪

શહેરનાં જીવરાજ પાર્ક પાસે બ્લોસમ એપાર્ટમેન્ટમાં ગેરકાયદે બાંધકામ દરમિયાન બે શ્રમિકોનાં મોતથી અનેક સવાલો ઉભા થયા છે. ગેરકાયદે બાંધકામો સામે મનપા તંત્ર ઉણું ઉતરી રહ્યું છે. જ્યાં જરૂર જણાય ત્યાં નોટીશ આપવાની ઔપચારિકતા નિભાવવા આવે આપે છે અને એ રીતે મનપાનાં શઠ નોકરશાહો પોતાની નોકરીની સલામત કરી લે છે. જો મનપા તંત્ર વધુ સતર્ક રહ્યું હોત તો બે માનવ જીંદગી બચાવી શકાય હોત. એવો આક્રોશ સ્થાનિકોમાં વ્યક્ત થઇ રહ્યો છે.

નાનામવા રોડ પર જીવરાજ પાર્ક નજીકની અંબિકા ટાઉનશીપની અંદર આવેલા બ્લોસમ એપાર્ટમેન્ટમાં ગઈકાલે ગેરકાયદે બાંધકામ વખતે છત તૂટી જતા બે શ્રમિકો દટાઈ ગયા હતા અને તેના મોત થયા હતા. જે સબબ સોસાયટીનાં પ્રમુખ હરેશ મનસુખ કાલરીયા, કોન્ટ્રાકટર પ્રિયાંક નીતિન પાંચાણી અને દિપ સંજય જાવીયા સામે આઈ.પી.સી કલમ ૩૦૪ (અ) હેઠળ ગુનો નોંધાયો છે.રાજકોટ શહેરમાં એક સમયે મ્યુનિસિપલ કમિશનર તરીકે જગદીશન બિરાજતા હતા. તેમની સાથે જિલ્લા કલેક્ટર પદે રાજીવ ટકરૂ હતા. આ બંને નખશીખ પ્રામાણિક અને હિંમતવાન અધિકારીઓને નગરજનો આજે પણ યાદ કરી રહ્યા છે.

જગદીશનને રાજકોટ શહેરને ૩૦ વર્ષ પહેલા ડીઝાઇન કર્યું હતું. રોડ-રસ્તાને પહોળા કરવાની ઝુંબેશ ચાલુ કરી હતી. જે-તે વખતે તેમની આ ઝુંબેશે ચર્ચા જગાવી હતી અને લોકોમાં ભારે આવકાર મળ્યો હતો. જગદીશને દબાણ બાબતે કોઈ ચમરબંધીને છોડ્યા ન હોતા. કોઈપણ રાજકીય ભલામણોને પણ તેઓ અવગણતા હતા. મ્યુ.કમિશનર જગદીશનની સાથે જિલ્લા કલેક્ટર રાજીવ ટકરૂ હતા. આ બંને ઝાંબાજ સનદી અધિકારીની જોડીએ ભૂમાફિયા અને રાજકીય આગેવાનોની ઉંઘ હરામ કરી દીધી હતી.

આઝાદી બાદ દેશના ઈતિહાસમાં આટલી બધી લોકચાહના



રાજકોટ મહાપાલિકાના પૂર્વ કમિશનર જગદીશન

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટની આબરૂ લેતા 'ખાડા પુરતી' કોંગ્રેસ



**શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર અને ટીમે શહેરનાં ખાડા પુરવાનું બીડું ઝડપી નીંભર તંત્રને જગાડવાનો પ્રયાસ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૪

રાજકોટ શહેરનાં રસ્તાની હાલત ગામડાનાં રસ્તાઓની પણ બદતર થઇ ગઈ છે. રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા મહાનગરપાલિકા કરવાની કામગીરી પોતે ચાલુ કરી દીધી છે. રાજકોટ શહેર કોંગ્રેસનાં પ્રમુખ અશોકભાઈ ડાંગર દ્વારા રોડ-રસ્તાનાંખાડાઓ રેતી-કપચીથી પૂરવાનો પ્રતિકાત્મક વિરોધ કાર્યક્રમ આજથી શરૂ કરાયો છે. કોંગ્રેસનાં આ નવતર કાર્યક્રમને નગરજનોમાંથી બહોળો આવકાર મળી રહ્યો છે. સાથે સાથે મ્યુ.તંત્રની બેદરકારી સામે રોષની લાગણી પણ જોવા મળી હતી.

રાજકોટ મહાનગરપાલિકાની નિષ્ફળ કામગીરી સામે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ખાડા પૂરો અભિયાન દ્વારા આજથી કેનાલ રોડ પર પડેલા ખાડાઓમાં રેતી અને કપચી નાખીને ખાડા પુરવામાં આવ્યા હતા.

પૂર્વ મેયર અને રાજકોટ શહેર કોંગ્રેસનાં પ્રમુખ અશોકભાઈ ડાંગર અને નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનરને સલાહ આપતા જાણવું હતું કે, ખાલી વાતો નહીં. વાસ્તવિકતાની દ્રષ્ટિએ વોર્ડમાં જઈ રોડ પરના ખાડા-ખબડાની તપાસ કરો અને જે કોન્ટ્રાકટરોએ રોડ રસ્તામાં ભ્રષ્ટાચાર કર્યો છે અને જે અધિકારીઓ તેમાં ભાગીદાર છે. તેમની સામે તાત્કાલિક અસરથી એકશન લેવાય તેવી માંગણી કરી હતી.

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં વરસાદ સારો થયો છે. જેથી શહેરની પીવાના પાણીની સમસ્યા ૨૪ કલાકમાં હલ થઇ ગઈ છે. પણ વરસાદનાં કારણે શહેરનાં મોટા ભાગના રસ્તાઓ ડેમેજ થયેલા હોય ત્યારે કામગીરી ફક્ત કાગળો ઉપર થયેલી સ્પષ્ટ થાય છે. ફક્ત એક જ વરસાદમાં ખાડા પડી ગયા છે. આ રોડ રીપેરિંગ-મરામત

(અનુ.પાના નં.૪ ઉપર)

## વિધાનસભાનું સત્ર લંબાવવાની કોંગ્રેસની માંગણી ફગાવી દેતી સરકાર

### કોરોના મૃતકોની સહાય, શ્રધ્ધાજલી ઠરાવ માટે રજૂઆત કરી હતીઃ પરેશ ધાનાણી મંત્રી જીતુ વાઘાણીએ કહયું, ગૃહનું સત્ર બે દિવસનું જ રહેશે

**(એજન્સી સમાચાર)** ગાંધીનગર, તા.૨૪

આવતી તા.૨૭ અને ૨૮ સપ્ટેમ્બરે માત્ર બે દિવસ માટે યોજાઇ રહેલા વિધાનસભાના સત્ર માટે એક અઠવાડીયા વધુ લંબાવવાની વિપક્ષ કોંગ્રેસની માંગણી સરકારે ફગાવી દીધી છે. વિધાનસભા કામકાજ સલાહકાર સમીતિની બેઠકમાં વિપક્ષે સત્ર લંબાવવાની માંગણી કરી હતી. પણ રાજય સરકારે નકારી કાઢી છે. આ બેઠકમાં વિધાનસભાના બે દિવસના સત્રના આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ સમીતિની બેઠક બાદ જણાવ્યું હતું કે, વિધાનસભાની બેઠક બે દિવસ જ ચાલશે. જયારે વિપક્ષી નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે,

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટમાં દિવસભર ઝાપટા વરસ્યા, ઠેરઠેર ગંદકી અને કાદવથી લોકોને હાલાકી






### દેવભૂમિ દ્વારકા અને હાલાર પંથકમાં બે દિવસથી અવિરત વરસાદ ચાલુ, ગોમતીઘાટના પગથીયા પરથી પાણીનો ધોધઃ શહેરમાં બે દિવસથી વાતાવરણ વાદળછાયું પરંતુ ઝરમર વરસાદ, હજુ ભારે વરસાદ થવાની આગાહીઃ ભાણવડમાં ત્રણ ઈંચ વરસાદ ખાબકયો, જામનગરમાં સવારે બે ઈંચ વરસાદ પડતા જળબંબાકાર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૪

રાજકોટ શહેરમાં છેલ્લા બે દિવસથી આકાશમાં ઘેઘુર કાળા વાદળો છવાયેલા છે. પરંતુ અવાર-નવાર ઝાપટા વર્ષી રહયા છે. તડકો અને છાયો બન્ને પ્રકારનું વાતાવરણ જોવા મળી રહયું છે. સુર્ય વારેવારે વાદળોની પાછળ છુપાય જાય છે. આજે પણ દિવસભર શહેરમાં થોડી થોડી વારે ઝાપટા વરસ્યા હતા. આવા ઝરમર અને મચ્છરીયા વરસાદને કારણે ઠેરઠેર કાદવ-કિચડનું સામ રાજય ફેલાય ગયું છે.

અવાર-નવાર ઝાપટાથી ઠેરઠેર પાણીના ખાબોચ્યા ભરાય ગયા છે. જેના કારણે શહેરભરમાં વરસાદ જન્ય જીવાતો અને મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો હોવાથી રોગચાળો પણ પ્રસરી રહયો છે. ડેન્ગ્યુ, મેલેરીયા અને વાઇરલ તાવના દર્દીઓથી સરકારી અને ખાનગી દવાખાના ઉભરાઇ રહયા છે. બે દિવસથી શહેરમાં થોડી થોડી વારે ઝાપટુ વર્ષે છે. જેનાથી રસ્તા પર કિચડ થાય છે અને વાહન ચાલકો તથા રાહદારીઓને પણ ભારે હેરાનગતી ભોગવવી પડે છે.

આજે સતત બીજા દિવસે જામનગર જિલ્લા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અલગ-અલગ વિસ્તારોમાં જોરદાર વરસાદ ચાલુ રહયો છે. ભાણવડના રાણપર વિસ્તારમાં શુક્રવારે સવારે ધોધમાર વરસાદ તુટી પડયો હતો અને ત્રણ ઇંચ પાણી પડી જતા શેરી અને માર્ગો નદી બની ગયા હતા, ખેતરોમાં પાણી ભરાઇ ગયા હતા, મુખ્ય માર્ગો અને શેરીઓમાં ધુંધવતા પાણી વહી નીકળતા લોકોને ભારે પરેશાની થઇ હતી. હાલાર પંથકના વિસ્તારોમાં પણ બે દિવસથી જોરદાર વરસાદ પડી રહયો છે. જામનગરમાં આજે સવારે મુસળધાર વરસાદ થયો હતો અને બે કલાકમાં બે ઇંચ પાણી પડી ગયાનું નોંધાયું છે. ચંગા પાસેનો રંગમતી ડેમનો એક દરવાજો એક ફૂટ ખોલવામાં આવ્યો છે. ડેમની હેઠવાસના ચેલા, ચંગા, નવા નાગના, જૂના નાગના, નવાગામ ઘેડ અને જામનગરના લોકોને સાવચેત રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. જોડીયામાં છેલ્લા બે દિવસમાં ભારે વરસાદથી આઠ ઇંચ પાણી પડી ગયાનું નોંધાયું છે. જોડીયા તાલુકાના તારણા ગામ પાસેનો આજી-૪ ડેમના ત્રણ દરવાજા બબ્બે ફૂટ ખોલવામાં આવ્યા હતા. આસપાસના લોકોને સાવચેત રહેવા અને નદી કાંઠે અવર-જવર ન કરવા ચેતવણી આપવામાં આવી છે. (૨.૧૧)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.